
॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 3 • Issue : 5 • 5th March, 2021 • Price : Rs. 10





પૂજ્ય શ્રી સાંઈબાબા દ્વારા સૂચવેલ ક્રિયાઓની મદદથી પૂજ્ય શ્રીમોટાને કાશી (બનારસ) ખાતે
થયેલ નિર્ગુણ સાક્ષાત્કાર. કાશી (બનારસ) ખાતે બનારસ હિન્દુ યુનિવર્સિટીના
રહેઠાણના બ્લોકને દર્શાવતી તસવીર




શ્રીયુત કમલભાઈ, શ્રી મોટાજી ડાયમન્ડ્સ, કુંભકોણમ તરફથી આશ્રમના સદ્ગત સેવક
શ્રી રવિન્દ્રભાઈ પટેલને તેઓના પત્ની હર્ષાબેનને રૂ. ૫૦,૦૦૦/-નો ચેક તેઓના મામા શ્રી દક્ષભાઈ વકીલ
તેમજ ઇંદુકાકા શેર દલાલ તેમજ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જિતેન્દ્રભાઈ અમીન દ્વારા અર્પણ કરેલ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૩, અંક-૫ માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ માર્ચ-એપ્રિલ, ૨૦૨૧

## ભાવની શક્તિ

પ્રભુકૃપાથી જીવનની સાધના એ કદી પણ એક દિશા પરત્વેની હોતી નથી. સાધનાનો ભાવ જીવનના એકેએક પાસાને સમૂળો સ્પર્શતો હોય છે. અને સ્પર્શીને પણ તે બેસી રહેતો હોતો નથી. જ્યાં જ્યાં ભાવ સ્પર્શે છે, ત્યાં ત્યાં તે ભાવ પોતાનું પરિણામ નિપજાવવાને મથ્યા કરતો હોય છે, તેથી ભાવને હજાર હાથવાળો અને હજાર આંખવાળો પણ કહી શકાય એવી ભાવનાનું સાતત્ય જ્યારે પ્રગટે છે, ત્યારે અંતર્ચક્ષુ ખૂલે છે, એટલે કે એવી ભાવનાને પરિણામે કર્મની હૈયાસૂઝ પણ પ્રગટે છે.

**ભાવમય પ્રાર્થના :** આપણી હરરોજની મથામણમાં જે જે પ્રકારની વિકૃતિની આપણને સમજણ પ્રગટે, તે દિવસે તે જ પ્રકારની એક જ ભાવની પ્રાર્થના કરવી. અને તે દિવસે તે જ પ્રાર્થનાનો ભાવ આખો દિવસ પ્રગટ્યા કરે તેવી જીવતીજાગતી મથામણમાં રહ્યા કરવું. જે માગવું હોય તે Consistently-(એકધારું) તે જ પ્રાર્થનાભાવે માગ્યા કરવું. એમાં સળંગતા પ્રગટવી ઘટે, એનું જ મનન અને એનું જ રટણ. તે દિવસની પ્રાર્થનામાં બીજું કંઈ ના હોવું જોઈએ. જે માગતા હોઈએ તેનું કંઈક સાર્થક્ય અનુભવાયા વિના બીજું કશું પણ પ્રાર્થનામાં માગવું નહિ. આપણી માગણીના પૂરક ભાવ તરીકે જેની જરૂર લાગે તે ભાવની માગણી પ્રાર્થના સાથે ભલે જોડાય. આપણી માગણી પૂર્ણ થાય તે હેતુથી અસલ ભાવને અનુકૂળ અને અનુસારી માગણી કરવાની હોય તો તે તો કરવી ખરી. તે સાથે સાથે પ્રાર્થનાના ભાવને અનુકૂળ, અનુરૂપ વર્તન રોજિંદા વર્તનવહેવારમાં પ્રગટેલું હોવું જોઈશે. રોજિંદા વર્તનવહેવારમાં જો દિલમાં દિલથી પ્રાર્થનાનો ભાવ નહિ પ્રગટ્યો હોય અથવા તો ત્યારે તદ્દન જીવદશાનું વર્તન બન્યા કરેલું હશે, તો આપણી પોતાની જ દશા વિપરીત બનવાની છે, તે નક્કી જાણશો. તેનું કારણ તો એ છે, કે આપણા પોતાનામાં તેવા વર્તનથી કરીને Contradiction-(વિસંવાદ) પ્રગટતો હોય છે, એટલે કે આપણા પોતાનામાં પ્રાર્થનાનો ભાવ સાચો જામી શકતો નથી.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૭૧-૭૩)* *– પૂ. શ્રીમોટા*

### હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.

હવે આપના દ્વારા સીધેસીધા આશ્રમના બેંકખાતામાં પેમેન્ટ એપ, RTGS, NEFT કે IMPS અથવા આપના બેંકખાતા મારફત ટ્રાન્સફરથી નાણાં મોકલવાની સુવિધા હવે ઉપલબ્ધ છે.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | બેંક ઓફ બરોડા (BANK OF BARODA), મીશન રોડ બ્રાન્ચ, નડિયાદ |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC | : | BARB0DBMISS (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) (Fifth Character is ZERO) |

આશ્રમને ઑનલાઇન પેમેન્ટ કર્યા પછી તેની જાણ વ્હૉટ્સએપ મેસેજથી નીચે જણાવેલ વ્હૉટ્સએપ નંબર પર પૈસા મોકલનાર સ્વજનનું નામ, સરનામું (પીનકોડ સહિત), મોબાઇલ નંબર પણ અચૂક દર્શાવશો કે જેથી મળેલ નાણાની પહોંચ ત્વરીત પાઠવી શકાય. **ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

**(ઇન્ટમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હૉટ્સએપ નંબર : પરેશભાઈ શાહ : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**www.hariomashram.in**
**hariommota10@gmail.com**

### ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.** પત્રવ્યવહાર/સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.
**આશ્રમ ફોન : ૭૮૭૮૦ ૪૬૨૮૮**

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.

**પ્રકાશન સ્થળ** : હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી | પૂ. શ્રીમોટા | ૫ |
| ૨. | અંતરની સરવાણી – મોટાચરણે | પ્રા. ઇંદુકુમાર દેસાઈ | ૯ |
| ૩. | સંતહૃદય | પૂ. શ્રીમોટા | ૧૫ |
| ૪. | અજપાજાપની સ્થિતિમાં પ્રવર્ત્યા | શ્રી સોમાભાઈ ભાવસાર | ૧૭ |
| ૫. | જપનું પરિણામ | ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ | ૧૯ |
| ૬. | નિશ્ચયના મહેલમાં વસે મારો વહાલમો | જીવન સાર્થકતાની કેડીએ | ૨૨ |
| ૭. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |
| ૮. | ‘હરિઃૐ આશ્રમ’ જીર્ણોદ્ધાર માટે સ્વજનોના સહયોગ બદલ જાહેર આભાર | ટ્રસ્ટીગણ | ૨૬ |

## હરિઃૐ આશ્રમ પ્રેરિત
## સુપ્રતિષ્ઠિત ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ
## પીઆરએલ, અમદાવાદ માટે દાનની અપીલ

આશ્રમના ટ્રસ્ટીગણ દ્વારા નક્કી કરવામાં આવેલ છે તે મુજબ આશ્રમને હવેથી જે અનુદાન મળશે તેનો ઉપયોગ આશ્રમના રોજિંદા ખર્ચ સિવાય પૂજ્ય શ્રીમોટા દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ પીઆરએલ, અમદાવાદ મારફતે શરૂ કરવામાં આવેલ છે તેના માટે ભંડોળ વધારવાની જરૂરિયાત જણાયેલ છે. જેના અનુસંધાનમાં અત્યાર સુધીમાં અંદાજે રૂા. પચાસ લાખનું ભંડોળ પીઆરએલ, અમદાવાદને આપેલ છે અને રૂા. એક કરોડ જેટલું ભંડોળ ઊભું કરવાનો લક્ષ્યાંક છે. જેનાથી સિનિયર સાયન્ટીસ્ટ અને જુનિયર સાયન્ટીસ્ટ એવોર્ડની રકમ તેઓના મોભા અનુસાર વધારી શકાય.

આપ સર્વે સ્વજનોને હૃદયપૂર્વકની વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત કાર્ય અર્થે આપના દ્વારા હૃદયપૂર્વકનો જરૂરી પ્રતિસાદ સાંપડશે કે જેથી લક્ષ્યાંક સિદ્ધ કરવામાં સુગમતા રહે.

આશ્રમના આવા વખતોવખતના કાર્યમાં આપ સૌ અનુરાગી સ્વજનોનો સદાય હૃદયપૂર્વકનો સાથ-સહકાર ભવિષ્યના કામો અર્થે પણ મળતો રહેશે.

હૃદયપૂર્વકની અપેક્ષાસહ...

– ટ્રસ્ટીગણ, હરિઃૐ આશ્રમ, નડિયાદ

(આજે ચૈત્ર સુદ-નોમ, રામનવમીનો પવિત્ર દિવસ છે. રામનવમીના એવા પવિત્ર દિવસે ઘણા સંતપુરુષના જીવનમાં વિવિધ રીતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ પણ તે દિવસે કરાંચીવાળા બાબાએ બતાવેલી પ્રક્રિયા બનારસમાં કરી અને એનાથી એમને નિર્ગુણ સાક્ષાત્કારની સ્થિતિ પેદા થઈ. આજે એમના ૪૩મા સાક્ષાત્કાર દિનની ઉજવણી નિમિત્તે આપણે એકત્રિત થયાં છીએ ત્યારે જેણે સાક્ષાત્કાર કર્યો છે અને જેણે આત્માનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે એવા અનુભવી પુરુષોનું કર્તવ્ય શું ? અને એવા પુરુષનાં લક્ષણો કયા કયા હોઈ શકે તે વિશે પૂજ્ય શ્રીમોટાની વાણી...)

એવા પુરુષોનું મુખ્ય કર્તવ્ય શું હોય છે ? મુખ્ય કર્તવ્ય તો આપણા હૃદયમાં એક બીજ રોપવું. ચેતના પરત્વેનું-ભગવાનની ભાવના એમના દિલમાં પ્રગટે એનું બીજ રોપાય, આ જ એમનું કર્તવ્ય, તો મુખ્ય કર્તવ્ય આ જ છે એમનું, એટલા જ માટે જેમની તેમની સાથે હૃદયની ભાવનાથી એકાકાર થતાં.... થયા કરતો હોય છે. અને કંઈ આવા પુરુષોનું કોઈ લક્ષણ ખરું કે નહિ ? લક્ષણ તો ખરું ભાઈ ! પણ એ ઓળખવું દુર્લભ છે. પ્રેમભક્તિપૂર્વકનો લાંબાગાળા સુધીનો દીર્ઘકાળપર્યંત સદ્‌ભાવ અને ભક્તિથી સેવાયેલો જો પરિચય હોય તો લક્ષણ સમજણ પડે. ના કેમ પડે ? સંસારી માણસ હોય તો આપણા પરિચયમાં આવે “સાલો લુચ્ચો છે, આ દયાવાળો છે, આ કરુણાવાળો છે, આ તેવો છે.” આપણે જાણીએ છીએ. તેવી રીતે.... પણ એ જાણીએ છીએ કેવી રીતે ? લાંબો પરિચય થયો તો આપણને કંઈક એની સમજણ પડે. તેવી રીતે આવા પુરુષોનો પણ દીર્ઘકાળ પર્યંત પ્રેમભક્તિપૂર્વક અને સદ્‌ભાવથી સેવાયેલો એવો જો આપણો પરિચય હોય તો એની સમજણ પડે. ના પડે એમ નહિ, તો કે તોપણ બીજાં કંઈ લક્ષણો ખરાં ? તો કે લક્ષણ ખરાં. તો પણ ખરાં લક્ષણો તો કે પ્રત્યક્ષ જોવાય ? કે હા, પ્રત્યક્ષ જોવાય એવાં લક્ષણો ખરાં, નહિ એમ નહિ. આપણી સંસ્કૃતિ આપણો ધર્મ એ કહે છે કે આ બ્રહ્મ તો જડ અને ચેતનમાં બધાંમાં વસેલો છે. ત્યારે એવો અનુભવી જે પુરુષ છે ! શરીરધારી એવો આત્મા, કોઈ નિમિત્ત એવું મળી જાય તો જડને પણ ચલાવી શકે તો કે જાદુ ! જાદુની વાત નથી. ઓટલાને ચલાવેલો.... આજે એ ભાઈ જીવે છે. તમે.... આપણે બધા તો જ્ઞાનેશ્વરની વાત વાંચેલી. જ્ઞાનેશ્વર ભગવાનની વાત વાંચેલી. એમણે ઓટલો ચલાવેલો ત્યારે આપણે અહોભાવથી પ્રેરિત થઈ જઈએ છીએ. એ તો આપણે વાંચેલી વાત માત્ર છે ને ! આપણે પ્રત્યક્ષ જોયેલી નથી. પણ આ જીવનમાં એવા છે ભાઈ, અમદાવાદમાં રમાકાંતભાઈને જઈને પૂછી જોજો. જીવતો માણસ છે, ભણેલોગણેલો છે. બી.એસ.સી. થયેલો છે, એમને એમ માને એવો નથી હજુયે પણ. અને એને ઓટલો ચાલેલો. મારા મૌનમંદિરની અંદર, આજે જ કોઈ જો તેને જઈને પૂછો.... આ એટલા માટે કહું છું કે તમે બધાં મારાં સ્વજનો છે. હવે મારું શરીર લાંબુ ટકવાનું નથી. પાંચ, છ એવા ભયંકર રોગો છે મારા શરીરની અંદર, અત્યારે આ તો ભગવાનની કૃપા અને એની શક્તિથી જ મારું શરીરનું કામ ચાલે છે. ત્યારે હું એટલા માટે જ કહું છું, દાખલા આપું છું કે ભાઈ ! તમારામાં તમારા ભેગો રહેલો છું. તમારું લૂણ મેં ખાધેલું છે. તો તમે બધા હવે મારા.... મારા શરીરનો અંતકાળ આવ્યો છે એ વખતે મારામાં ભાવના રાખો અને આ સાબિતીની વાત છે. હું કંઈ કપોળકલ્પિત ગપ્પાં મારતો નથી. તમે બધા ખાતરી કરી શકો એમ છો.

એટલું જ નહિ પણ ચેતન જેને અનુભવ થયો છે- ચેતનનો જેને અનુભવ થયો છે એવા ચેતનવાળા આત્માઓ સતમાંયે વર્તે, અસતમાંયે વર્તે ત્યારે આપણા ખ્યાલમાં ન આવે. એને આપણે સ્વીકારી ન શકીએ. પણ ચેતન તો બધાંમાં રહેલું છે. તે ઉપરાંત બીજું એક છે, ચેતન જેમાં પ્રગટેલું છે એને સ્થળ, કાળની મર્યાદા એને નથી, તેથી પોતે ગમે ત્યાં પ્રત્યક્ષ થઈ શકશે. આ તમારી પાસે આ દિલીપ બેઠેલો છે, આ અહીં બેઠો, પૂછો એને કે મોહનભાઈને ત્યાં હું સૂતો હતો, ખાટલામાં મારું શરીર ને બીજું શરીર એને દેખાયું છે. એ ખોટું બોલતો હોય તો એને પૂછી જોજો. જેને પૂછવું હોય તે એને હજી પૂછી શકે છે. તો એકના બે શરીર, ચાર શરીર પણ એને થઈ શકે છે. આ મોટામાં મોટો અનુભવ.... એટલું જ નહિ પણ આ દિલીપ તો મારી સાથે સંકળાયેલો છે. પણ મારી સાથે બિલકુલ સંકળાયેલ નહીં.... હજાર રૂપિયાનો અમલદાર છે.... પારસી. પહેલવહેલા જ મૌનમાં બેઠેલા નડિયાદમાં, ને હું સુરત હતો. આ તો જીવતા માણસો છે હું કાંઈ બીજે... કાંઈ વાત કરતો નથી. બીજે કંઈ.... આપણે તો વાત છે.... એ તો પહેલાંનું વાંચીએ તો અહોભાવ થઈ જાય છે. ત્યારે એ માણસને ત્યાં મૌનમાં.... નડિયાદમાં મોટા દેખાયા. ઓત્તારી ! એને એમ તો ખબર કે મોટા તો અહીં નથી તેમ છતાં એને દેખાયા ત્યાં આજે પણ એ સુરતમાં છે. આસિસ્ટન્ટ કલેક્ટરની ગ્રેડમાં છે. Excise & Customમાં પણ એને મારા તરફની ભક્તિ થઈ ગઈ છે. એટલું કે... સરકારી અમલદાર હોવા છતાં એ મારા માટે પૈસા ઉઘરાવી લાવે છે. એને એમ નથી થતું કે મારી નોકરી જતી રહેશે. મારી સાથે સંકળાયેલા કેટલાય અમલદારો.... એક આર.ટી.ઓ.; છે સાહેબ પારસી, મૌનમાં બેસે છે દર વર્ષે. એને મારા અનુભવ થયેલા ! તો ગઈ વખતે મારે જે લાખ રૂપિયા ઉઘરાવવાના હતા તેના દસ, દસ.... અગિયાર હજાર રૂપિયા એણે મને ઉઘરાવી આપે છે. પણ હું એને કહું કે "ભાઈ, જો કોઈના તું બળજબરીથી લે તો મને મંજૂર નથી.... મને તારે.... એને કહેવું કે આ કામ છે. અમારી એને રસીદ આપવાની." એક છે... એ ... ક...રીતસર ઈન્કમટેક્સ અમલદાર, મારી પહોંચ બૂક જ રાખી મૂકે. કોઈ Assessee આવે, મળે, પાછો પરિચયવાળો. "ભાઈ, આ મોટાના આશ્રમને આટલી મોટી રકમ આપવાની છે, વધારે નહિ. સો રકમ મૂકી દે. સો ભરી દે." એના જ હાથે ભરાવે - Assesseeના હાથે. એવી રીતે.... ત્યારે આ મૌનમાં જે લોકો બેસે છે અમારે ત્યાં આ અનુભવ... અનુભવમાં મારે આ દિલીપ પાસે..... તેનો પણ મૌનમાંથી મારી સાથે સંબંધ. કેટલા બધા માણસોને તમે જુઓ કે મૌનમાં બેસવાથી કરીને એટલો બધો સંપર્ક થાય છે કોઈ ચેતના સાથે એમનો કે, એનો હું કંઈ પ્રચાર કરવા જતો નથી. આ છાપામાં તો હમણાં હમણાં આ આવ્યું. હમણાં હમણાં મારા લેખો અને મારા વિશેની પ્રસિદ્ધિ ગુજરાતમાં આવવા માંડી છે. પણ હું..... અમે પોતે આશ્રમ તરફથી કે નંદુભાઈ કે કોઈ અમે આ પ્રવૃત્તિ કરતા નથી. એક ભાઈ મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મૌનમાં બેસવા આવ્યા ત્યારે મારાં બધા પુસ્તકો વાંચ્યાં, સાહિત્યનો પણ રસિયો માણસ, કહે "મોટા, આવું સરસ સાહિત્ય છે ને કેમ કશું આપતા નથી ?" મેં કહ્યું, "એ અમારું કામ નથી ભાઈ" તો કહે "હું આપું તો ?" મેં કહ્યું, "આપ ભાઈ, તારે આપવું હોય, જેમ કરવું હોય તેમ કર." ત્યારે એ દર વર્ષે મૌનમાં બેસે છે અમારે ત્યાં, એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે તે અને એ એને જાણે કે પોતાનું મિશન હોય એવી રીતે આ કામ લઈ લીધું છે. બધાં માસિકોમાં મોકલે. છાપાંઓમાં મોકલે. પ્રશ્નોત્તરી તૈયાર કરે. એના જવાબો લખેલા હોય તે છાપાં..... ચોપડીઓમાં

લખેલું હોય તે પ્રમાણે બધું લખે. મુંબઈ સમાચારવાળાને.... મુંબઈ સમાચારવાળા ગાંઠતા ન હોતા એટલે તેના તંત્રીને મારી પાસે ગઈ રામનવમીએ બોલાવી લાવ્યા. મારે ને એને એટલો સુંદર સત્સંગ થયો ! સત્સંગી હતો ભાઈ, એટલે Meditation પર બે ચોપડીઓ પણ લખેલી છે. એટલે મારાથી..... મેં જે વાતચીત કરી એનાથી એ બહુ પ્રભાવિત પણ થયા. એટલે હવે મુંબઈ સમાચારમાં પણ મારા લેખો આવે છે, જન્મભૂમિવાળાને પકડી લાવ્યા. હમણાં જન્મભૂમિમાં મારા વિશે એક લેખ આવ્યો. તે વિજયગુપ્ત મૌર્ય કરીને છે. ''અખંડઆનંદ''માં ''જ્ઞાનગોષ્ઠિ'' લખે છે. તેણે આવીને..... આ.... બધું.... એણે બધું પૂછ્યું ને મેં બધી વાત કરી તે બહુ પ્રભાવિત થયા એ ભાઈ, ત્યારે એવી રીતે આ પ્રચારનું અથવા તો જે અત્યારે છાપામાં આવે છે, માસિકોમાં આવે છે તેમાં અમારું કોઈ મૂળ નથી. પેલા ભાઈ રતિભાઈ જ કર્યા કરે છે. એ કરતા હોય તો થવા દો. અમને કંઈ વાંધો નથી. ત્યારે મારું કહેવાનું એ છે કે આ જે લક્ષણો, અનુભવવાળાનાં.... આ પ્રત્યક્ષ.... બીજે તો હું વાત કરું નહિ. તમે તો મારું ઘર જ છો. કુટંબ છો. એટલે તમને ન કરું તો કોને કરું ? અને એનો વિશેષ ઈરાદો પણ એટલો જ છે કે ભાઈ, હવે આ મારું શરીર કંઈ અનંતકાળ સુધી કંઈ ટકવાનું નથી. હવે છેલ્લો ગાળો છે. અને એ છેલ્લા ગાળામાં તમારાં બધાંનો પ્રેમ સંપાદન કરી શકું તો મારે બીજું કશું કામ નથી.પૈસા તો ભગવાનની કૃપાથી તમેય આપો છો ને ગુજરાતમાંથીય મળે છે મને, પૈસો એ મારું કર્તવ્ય નથી. મારું મુખ્ય કર્તવ્ય તો જે કાંઈ આપણે બધાં મળેલાં છીએ એમનામાં ભગવાનની ભાવનાનું બીજ રોપાય એ તો મારું મુખ્ય કર્તવ્ય છે. ત્યારે.... તમે જાણો તો હજુ.... તમે જાવ.... ખાત્રી કરો.... જેટલી ખાત્રી કરો....જેટલી ખાત્રી કરવી હોય તેટલી ખાત્રી કરી જુઓ કે, એક શરીરના..... એક શરીરના..... એક શરીર ગમે ત્યાં હોવા છતાં બીજે ઠેકાણે પ્રગટ થઈ શકે છે. એ.... આ.... બીજી ચોપડીઓમાં તો તમે વાંચો. પણ આ તો પ્રત્યક્ષ દાખલા છે. જઈને તમે ગમે ત્યાં જઈને બધાને પૂછીને ખાત્રી કરી શકો એમ છો. ઓટલો ચાલેલો એ તમે એ માણસને ખાત્રી કરી શકો છો મળીને. ત્યારે આ બે તો મોટામાં મોટાં લક્ષણો છે. બીજો કોઈ કરી શકશે નહિ. સંપૂર્ણ ચેતનમાં નિષ્ઠા પામ્યા વિનાનો કોઈ માણસ આવાં કામ નહિ કરી શકે, શક્યતા નથી. સિદ્ધિ કોઈ પામેલો હોય તો બીજું કશું બતાવી શકશે. પણ આ તો નહિ જ કરી શકે. સ્થળ ને કાળની મર્યાદા..... સ્થળને કાળની મર્યાદા જે ઓળંગી જાય છે તે, ચેતનામાં, અનુભવી.... અનુભવી છે તેને માટે જ શક્ય છે. બીજાને માટે શક્ય નથી આ. વળી તમે જુઓ કે દર સાલ ભગવાનની કૃપાથી કંઈક ને કંઈક એવા સારા કામના સંકલ્પ-શુભ સંકલ્પો થાય છે તે બધા પાર પડે છે. બાસઠની સાલથી જ હજુ મેં તો શરૂ કર્યું આ કામ, તે પહેલાં તો આ મારો આશ્રમ ચલાવવો એને માટેની ગડમથલ થયા કરતી, કારણ કે મકાનો બાંધવા, આ કરવા, તે કરવા બધામાં પૈસા તો જોઈએ જ. તે કામ થઈ રહ્યા પછીથી, આ કામ થઈ રહ્યા પછીથી, આ કામ શરૂ કરવાં માડ્યું. એટલા માટે મેં શરૂ કર્યું કે સમાજનો ધર્મ..... ધર્મ જીવતો છે એનાં લક્ષણો કે, ગુણ અને ભાવના પ્રગટે ત્યારે ધર્મ છે એમ ગણાય. ગુણ અને ભાવના ન હોય તો ધર્મ છે એમ ન ગણાય. ત્યારે આપણા સમાજમાં ગુણ અને ભાવના નથી. તે ગુણ અને ભાવના પ્રગટે તો જ ધર્મ ટકી શકે, ધર્મની ભાવના સમાજમાં ઊભી શકે, માટે એવાં ગુણ અને ભાવનાનાં-ભગવાનની કૃપાથી કામ કરવાનું સૂઝ્યાં કરે છે તેમ કરું છું. અને બીજી એક મોટી વાત આ છે કે બીજું તમે ગમે તે કરશો આપણા જીવનમાં જે ગુણ અને ભાવના છે

એ જ સાથે આવવાનાં છે ત્યારે કોક..... કોકને..... બુદ્ધિને એમ થયું કે સાલો બીજો જન્મ છે એની ખાત્રી શી ? બીજો જન્મ છે એની ખાત્રી શી કે જેમ અત્યારે આ વિજ્ઞાનીઓ કહે છે તે આપણે બધા, માનો છો કે નથી માનતા ? કહે છે કે બે ભાગ હાઈડ્રોજન અને એકભાગ ઓક્સિજન મળે તો પાણી, એનો કોઈ ઈન્કાર કરતું નથી. તો કે ના, એ તો માનવું પડે. ત્યારે એવી રીતે અમારા શાસ્ત્રકારોએ જગતના બધા ધર્મોએ.... એ ધર્મોના જે મૂળ થઈ ગયા..... મૂળ પુરુષો..... તે બધા જ માટે આ સંમત છે ત્યારે કે ક્રિશ્ચેનિટી કંઈ છે સંમત ? મુસલમાનો તો કે માનતા નથી. હું કહું કે ભાઈ તમે વિચાર કરો, એ પણ કહે છે.... વચલી વાત એણે નથી કરી. આ જન્મ, આપણું શરીર ગયું પછી (ડે ઓફ જજમેન્ટ) આવશે. અને ત્યારે ન્યાય થશે. ત્યારે જાગવાના કે નહિ બધા ? ત્યારે પુનર્જન્મ છે કે નહિ ? વચલાગાળાની એણે વાત નથી કરી, મુસ્લિમ ધર્મ અને ક્રિશ્ચન ધર્મે પણ, Day of Judgementની વાત કરી છે. તો..... ત્યારે પુનર્જન્મ પામશે, અને બધાંનો ન્યાય થશે અને ન્યાય થશે એટલે ભોગવવો પડશે ને ? ન્યાય થાય તો ભોગવવો પડે ને ? ત્યારે ભોગવવાને માટે તો શરીર જ જોઈએ, ત્યારે ત્યાં છે ખરી પુનર્જન્મની વાત, ત્યાંમાં.... એમનામાં પણ વચલા.... શરીર પડ્યા પછીથી અને વચલા.... વચલા ગાળાની એણે વાત કરી નથી. કારણ તે કાળ જુદો હતો. લોકો સમજે નહી. અને આપણા.... આપણા.... આપણી સંસ્કૃતિના શોધનારા બહુ ઊંડા ગયા છે અને આ તદ્દન સાચી વાત છે કે આપણો પહેલાં પણ જન્મ હતો, હાલ પણ છે, તે પછી પણ થવાનો છે. એ આપણા અનુભવીઓએ, આપણા ઋષિમુનિઓએ એ બધા પ્રયોગો કરીને આ સાબિત કરેલું છે, પણ પેલા વિજ્ઞાનના પ્રયોગો કરે છે તે આપણે ઝટ સ્વીકારી લઈએ છીએ અને આ ઋષિમુનિઓએ કરેલા પ્રયોગો આપણાથી સ્વીકારાતા નથી કારણ કે આપણી બુદ્ધિ બહેર મારી ગયેલી છે. આપણામાં ધર્મની ભાવના ઘટી ગયેલી છે. અલ્યા, પેલા લોકોએ પ્રયોગો કર્યા તે તમે માનો છો અને આ લોકોએ પ્રયોગો કર્યા તે તમે કેમ માનતા નથી ? ત્યારે તે અમારે ગળે ઉતરતું નથી. આ પુરુષો પણ બતાવતા હોય છે કોક કોક બાબતમાં. જેની તેની બાબતમાં એ બતાવતા ફરતા નથી પણ એ વાત સાચી છે. એમના જીવનમાં કેટલાક એવા પ્રસંગો બને છે કે એને ખબર છે કે અમુક માણસ સાથે મારો આવો સંબંધ છે પૂર્વકાળનો, એ કહેતા ફરતા હોતા નથી પણ એ સંબંધ છે. ત્યારે પહેલાં પણ જન્મ હતો, હાલ પણ જન્મ છે અને હવે પછી થશે, પણ આ જન્મમાં આપણું જે શરીર છે એમાં જે ગુણ અને ભાવ પ્રગટેલાં હશે તે આપણી સાથે ને સાથે જ આવવાનાં છે. એટલે હું જે કોઈ પૈસાદાર, મારી સાથેના બહુ ભાવનાવાળા હોય તો કહું કે ભાઈ, તમે ધર્માદો કરો, તો પણ એવી જાતનો ધર્માદો કરો કે જેથી સામા માણસમાં ગુણ અને ભાવના પ્રગટે. તે એની સાથેને સાથે આવશે. તે સમાજને વધારે કલ્યાણકારક છે, આ જાતની ભાવના. ત્યારે આ જે ગુણ અને ભાવના જો સમાજમાં... જાગે .... તો જ આ ધર્મ પાછો ફરીથી બેઠો થઈ શકે એવું છે. હું અમસ્તો એમને એમ નથી કરતો કે (હેફેઝાર્ડલી) ગમે તેમ હું કશું કરતો નથી. બહુ સમજણપૂર્વક આ હું મારા કામો કરું છું અને આ ધર્મ બેઠો તો જ થશે કે ગુણ અને ભાવના સમાજમાં પ્રગટ્યાં હશે તો અને પાછાં સાથે ને સાથે જ આવવાનાં છે. ત્યારે તે ઉપરાંત આવા જે પુરુષો છે, તે દીવાદાંડી રૂપ છે, આપણને પથદર્શક છે, આપણું હિત જાણનારા છે, આપણું કલ્યાણ કરનારા છે. પણ એમની સાથે જો વળગી રહીએ તો.

હરિઃૐ

*('હરિઃૐ ગુંજ' જુલાઈ-૨૦૦૭ પૃ. ૧૫ થી ૧૯)*

## ૨. અંતરની સરવાણી – મોટાચરણે

- પ્રા. ઈંદુકુમાર દેસાઈ

આપણે જે પ્રાર્થના, સ્તવનો કે ભજનો કરીએ છીએ તે બહુધા અન્યનાં લખેલાં હોય છે. આપણી તત્કાલીન ભૂમિકાનું એમાં પ્રતિબિંબ પડતું હોતું નથી. એટલે ઉત્તમ રસ્તો તો એ છે કે ભક્તે પોતે જ પોતાની સ્થિતિ વિશે નિવેદન કરવું રહ્યું. પૂજ્યશ્રી 'જીવનપગરણ'માં એક સ્થળે લખે છે, 'ભક્ત કવિઓ, સંતો વગેરેએ પોતપોતાને જે કહેવાનું હોય તે તેમણે ભગવાનને ચરણે ઢોળ્યા કર્યું છે, ને એ રીતે પોતાની સાધનાનો માર્ગ કાપ્યો છે. એટલે એમાં આપણું માનસ વ્યક્ત થતું હોતું નથી - પૂરેપૂરી યોગ્ય રીતે નહિ જ. વળી, જુદી જુદી ભાવના ને જુદી જુદી કક્ષા અને પરિસ્થિતિ વખતનાં ભજનો એક જ વખતે ગાવાથી પણ એમાં સુમેળ સધાતો નથી, એટલે પણ તે આપણા અંતરનો અવાજ - સૂર - બરાબર કાઢતાં નથી. એટલે આપણે જે કંઈ કહેવું હોય અથવા વ્યક્ત કરવું હોય તે આપણી જ ભાષામાં આપણે તેવો ભાવ ધારણ કરીને કહ્યાં કરીએ એ વધારે ઠીક છે.'

પૂજ્યશ્રીના આ કથન અનુસાર જ ભટ્ટ સાહેબે પોતે જે કંઈ કહેવાનું છે તે પોતાની વાણીમાં જ કહ્યું છે. આ જ અર્થમાં 'મોટાચરણે'માં એક ઉમદા ભક્તના ભાવોદ્રેકમાંથી જન્મતો ભજનાનંદ વ્યક્ત થયો છે. ભજન એ તો આત્માનો ખોરાક છે. પરમતત્ત્વની આરાધના છે. એ બાબત 'મોટાચરણે' ને યથાર્થ રીતે લાગુ પડે છે. એમાં શબ્દ અને સુરતાનો મેળ છે. એને સાદ્યંત ગાઈએ ત્યારે અંદરનો કોઈ નાદ સંભળાતો હોય એવો અનુભવ થાય છે. ભટ્ટ સાહેબે પોતે પોતાના અંદરના અનુભવેલા આ નાદને શબ્દમાં બહાર રમતો મૂક્યો. એટલે જ એના પઠનથી અંતરની તલ્લીનતા પ્રગટે છે અને આપણે અમૃતરસ માણી શકીએ છીએ.

આથી જ 'મોટાચરણે'એ માત્ર છંદના જાણકાર કે સૂરના ઉપાસક એવા કોઈ કલાકારની કૃતિ નથી. એ તો માત્ર પોતાના માલિકને રીઝવવા માટેનો હૃદયનો આર્તપોકાર છે. એમાં માત્ર ભટ્ટ સાહેબના મુખની વાણી જ વ્યક્ત નથી થઈ, એમનું સમગ્ર અસ્તિત્વ વ્યક્ત થયું છે. એમાં પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભાવનું ઊંડાણ અને સમગ્રતા એટલાં તો પ્રાણવાન રીતે વ્યક્ત થયાં છે કે માત્ર ભટ્ટ સાહેબની પોતાની એકલાની જ સ્તુતિ નથી રહી, પરંતુ પૂજ્ય શ્રીમોટાના દરેક સ્વજનની એ સ્તુતિ બની રહી છે. આમ એમનો સ્વાનુભવ સર્વાનુભવમાં પલટાઈ ગયો છે. અને એ જ તો સાચા સર્જનનું એક લક્ષણ છે. એમની વાણી વૈખરી નથી રહી. મધ્યમા વાણીને પાર કરીને ચિત્ અને અંતઃપ્રજ્ઞાને આધારે પશ્યન્તીવાણી બની રહી છે. પશ્યન્તીવાણી એ અર્થમાં કે મોટાની એ સ્તુતિ અને શરણાગતિમાં મોટાનું સાચું સ્વરૂપ ઊઠી આવે છે. જાણે મોટાને મળવાનો વાણીનો સેતુ એમણે આપણને બાંધી આપ્યો છે. આથી જ આ સ્તુતિ કે નિવેદન એકમાત્ર ભટ્ટ સાહેબ માટે જ નહિ, પણ જીવદશામાં સબડતાં મોટાનાં સૌ સ્વજનોની ઉપાસનાનું એક સબળ સાધન બની ગયું છે. એમાં દરેકની 'અંતરની સરવાણી' વહી છે.

'મોટાચરણે'ના સર્જનનો પણ એક નાનકડો ઈતિહાસ છે. એની રચના બે જુદા જુદા તબક્કે પૂર્ણ થઈ છે. બંને તબક્કાની સર્જન પ્રક્રિયાના મૂક સાક્ષી બનવાનું મારે ભાગે આવ્યું હતું. એ શ્લોકો રચાતા ગયા તેમ તેમ અનેકવાર અમે એનું સહપઠન કર્યું છે. પ્રથમ તબક્કામાં ૨૭ શ્લોકો રચાયેલા. અને એનું પ્રથમ પ્રકાશન પૂજ્યશ્રીના મણિનગરના ઉત્સવપ્રસંગે 'પૂજ્ય શ્રીમોટા મંગલ સ્તવન' નામે

થયું. એટલું જ નહિ, પણ પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં મુ. ભટ્ટ સાહેબના મધુર કંઠે ઉત્સવમાં ગવાયું પણ ખરું.

'પૂજ્ય શ્રીમોટા મંગલ સ્તવન'ની મારા પર જબરી અસર થઈ છે. મારી ઉપાસનાનું એ એક અંગ બન્યું છે. એણે મને પોતાને મારા સાધનમાં સ્થિત કરી ખૂબ વેગ આપ્યો છે. જપને યાંત્રિક બનતો અટકાવી સતત ભાવપૂર્ણ રાખ્યો છે. આપણી આધ્યાત્મિક વિચારસરણીમાં અનેક પ્રકારની સાધન પ્રણાલીઓનો સ્વીકાર થયેલો છે. એમાં 'ગુરુ ઉપાસના'એ પણ એક અગત્યની સાધનપ્રણાલી ગણાય છે. ભજન, કીર્તન, મંત્ર, જપ, પૂજા, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, રાજયોગ, હઠયોગ વગેરેની સરખામણીમાં શ્રીસદ્‌ગુરુની મૂર્તિને હૃદય પર સતત ધારણ કર્યા કરીને ગુરુની આરાધના કરવી એ રીત, અનેક સાધકોના અનુભવે અતિ ઘણો વેગ આપનારી અને ઝડપી વિકાસ કરાવનારી પુરવાર થઈ ચૂકી છે. એટલે પૂજ્યશ્રીની સન્મુખતા કેળવનાર સ્વજનોને ભાવવૃદ્ધિ માટે 'પૂજ્ય શ્રીમોટા મંગલસ્તવન' ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે. સ્વજનો સાથેની વાતચીતમાંથી આવી અસરો અન્ય ઘણી વ્યક્તિઓને થઈ છે એમ તારવી શકાયું છે. એક પ્રસંગ ટાકું તો અસ્થાને નહિ ગણાય.

પૂજ્ય શ્રીમોટાના શરીરના ભાઈ શ્રી સોમાકાકા અવારનવાર પ્રેમવશ થઈ અમારે ત્યાં રહે. ઉનાળાના એક દિવસે આ જ રીતે તેમણે અમારે ત્યાં રાત્રિનિવાસ કરેલો. બ્રાહ્મમૂહુર્તમાં નાહીધોઈને હું જપમાં બેસું ત્યારે પ્રથમ 'પૂજ્ય શ્રીમોટા મંગલ સ્તવન'નો નિત્ય પાઠ કરું. શ્રી સોમાકાકાએ પથારીમાં સૂતાંસૂતાં એ સાંભળ્યું. એમના ઊઠ્યા બાદ સવારે અમે સાથે ચા પીવા બેઠા, ત્યારે એમણે એ સ્તવન વિશે મને પૂછપરછ કરી. મેં એમને ફરીથી ગાઈ બતાવ્યું. એમને ખૂબ ગમ્યું. સ્નાનાદિ નિત્ય કર્મથી પરવારી એમણે એ સ્તવન માંગ્યું. મેં એ પ્રત પર 'પૂ. સોમાકાકાને દૈનિક નિત્યપાઠની અપેક્ષાસહ સપ્રેમ ભેટ.' એવી મતલબનું લખીને આપ્યું. એમણે એકબાજુ પલંગ પર બેસીને એ ગાવા માંડ્યું. એ એમને એટલું તો હૃદયસ્પર્શી નીવડ્યું કે ગાતાંગાતાં એમની આંખોમાંથી ચોધાર ભાવાશ્રુ વહેવા માંડ્યાં. પછી તો એઓ પોતે એ સ્તવનના મોટા ચાહક બની ગયા. એમણે અનેકવાર પૂજ્યશ્રી સમક્ષ પણ ગાયું છે. એટલું જ નહિ પણ સુરત, વડોદરા અને નડિયાદનાં અનેક સ્વજનોને એનો નાદ પણ લગાડ્યો છે.

ત્રણેક વર્ષના ગાળા બાદ મુ. ભટ્ટ સાહેબ દ્વારા ફરીથી કેટલાક શ્લોકો રચાવા લાગ્યા. એ એમણે મને વંચાવ્યા પણ ખરા. નડિયાદ આશ્રમે નિયતક્રમ અનુસાર હું પૂજ્યશ્રીનાં દર્શને ગયો ત્યારે તેમણે ભટ્ટ સાહેબના ખબર અંતર પૂછ્યા, મેં એમને ભટ્ટ સાહેબની ફરીથી શરૂ થયેલી સર્જન પ્રક્રિયાની વાત કરી. ત્યારે એમણે મારી સાથે સંદેશો મોકલ્યો, 'ભટ્ટ સાહેબને કહેજો કે ૧૦૯ શ્લોકો પૂરા કરે. આપણા શરીરમાં બધાં મળીને ૧૦૮ કેન્દ્રો આવેલાં છે અને ૧૦૯મું કેન્દ્ર તે બ્રહ્મરંધ્ર. એટલા માટે જ માળાના મણકા પણ ૧૦૮ અને ૧૦૯મો માળાનો મેરુ હોય છે. આ કારણે આપણા સાહિત્યમાં આવા પ્રકારની કૃતિઓમાં ૧૦૯ શ્લોકો લખવાની પ્રણાલિકા પડેલી છે. મેં 'તુજ ચરણે' લખ્યું ત્યારે શ્રીગોદડિયા મહારાજને સંભળાવેલું. ત્યારે તેમણે મને આ રહસ્ય કહેલું અને મારી પાસે પણ ૧૦૯ શ્લોકો પૂરા કરાવેલા.' આ સંદેશો ભટ્ટ સાહેબને મળતાં એમણે ૧૦૯ શ્લોકો પૂરા કર્યા. પ્રથમ આવૃત્તિના શ્લોકો સહિત એ ૧૦૯ શ્લોકો હવે પ્રસ્તુત પુસ્તિકારૂપે 'મોટા ચરણે' શીર્ષકથી પ્રગટ થાય છે. આ શીર્ષકનો ફેરફાર પણ પૂજ્ય શ્રીમોટાએ રચેલા 'શ્રીગંગાચરણે', 'કેશવચરણે', 'તુજ ચરણે'ની શ્રેણીમાં ખૂબ જ યોગ્ય રીતે બંધબેસતો થઈ રહે છે.

સ્પષ્ટ કહું તો ભટ્ટ સાહેબે આ શ્લોકો રચ્યા નથી. એમનાથી રચાઈ ગયા છે. પૂજ્ય શ્રીમોટાની ચેતનાના સ્પર્શે થયેલા સ્ફુરણનું એ અવતરણ છે. ભટ્ટ સાહેબની સંસ્કૃત સાહિત્યના અધ્યયન અને પરિશીલન તથા તે ભાષા પરના પ્રભુત્વની પીઠિકાને ધ્યાનમાં લઈએ તો છંદોબદ્ધ કૃતિ રચવી એ એમને માટે આસાન અને સહજ છે. છતાં એમણે એ શ્લોકોને કોઈ પણ પ્રકારના આયાસ વિના ઉપરથી જે રીતે આવ્યા તે રીતે જ ટપકાવી લીધા છે. કેટલીક વાર તો રાત્રે ઊંઘમાંથી જાગીને એકદમ શબ્દબદ્ધ પંક્તિઓનું અવતરણ થતાં તેને નોંધી લીધી છે. એ વધુ પ્રાસાદિક બને એ રીતે એને મઠારવા અંગેના અતિ કીમતી સૂચનો અમારા બંનેના અંગત સદ્‌ભાવી કવિ મિત્રો તથા સાહિત્યપ્રેમી મિત્રો તરફથી આ પ્રકાશન વેળાએ થયાં છે. ભટ્ટ સાહેબે થોડાંક શાબ્દિક ફેરફાર સિવાય બધાં સૂચનોનો સ્વીકાર કરી ન શક્યા તેની પાછળનો એમનો મુખ્ય હેતુ એ જે રીતે અવતર્યું છે તે રીતે યથાવત્ રાખવાનો છે. કારણ કે એનું કર્તૃત્વ એ પોતાનું માનતા નથી. એમને મન એ કોઈ સાહિત્યકૃતિ પણ નથી. ભક્તિનો આવિષ્કાર માત્ર છે. એક વાર નડિયાદ આશ્રમમાં સત્સંગાર્થે અમે બંને ગયા ત્યારે આ રચનાની વાત થતાં પૂજ્યશ્રીને મેં કહ્યું, ‘મોટા, ભટ્ટ સાહેબ તો માત્ર પોતે સાધન બન્યા હોય એવું અનુભવે છે.’ પૂજ્ય શ્રીમોટાએ એમના લાક્ષણિક હાસ્ય સાથે મીઠી મજાક કરતાં ભટ્ટ સાહેબને પૂછ્યું, ‘શું તમે ખરેખર એમ માનો છો ખરા ?’ અને છેવટે મને કહ્યું, ‘તું કહે છે તે બરાબર છે. એ વાત તદ્દન ખરી છે, એમ જ બન્યું છે.’ એટલે મેં સહસા જ એ વાતની સ્વીકૃતિ ભટ્ટ સાહેબની રચનામાં કેવી રીતે પ્રતિબિંબિત થઈ છે તે દર્શાવતી નીચેની ટૂંક ગાઈ બતાવી.

**‘ભીંજાઈને ભાવથી જે લખ્યું મેં,**
**લખાઈ કો કારણથી ગયું તે;**
**કો સ્પર્શ ચૈતન્ય તણો થયો છે.**
**આ યંત્રનો ચાલક તે બન્યો છે.’**

‘મોટા ચરણે’ની આખી કૃતિની અન્ય કેટલીક નોંધપાત્ર લાક્ષણિકતાઓ પણ છે. મુક્ત પુરુષ તરીકેનાં પૂજ્યશ્રીનાં લક્ષણોનો સહજ સ્વીકાર એમાં થયો છે. મુક્ત પુરુષનું કાલાતીતપણું અને સ્થળાતીતપણું નીચેની પંક્તિઓમાં વ્યક્ત થયું છે :

**‘દિક્કાલનાં બંધન તોડી નાંખી,**
**આ વત્સને અંક ધરો કૃપાથી.’**

અનુભવીના ચેતનની સર્વવ્યાપકતા દર્શાવતી પંક્તિઓ તો એ ચૈતન્ય સાથેના અનુસંધાનની તાલાવેલી પેદા કરાવે એવી છે :

**‘જે આપનાં અંતરમાં વિશેષે**
**સ્ફુરી રહ્યું ભાસ્વર દીપરૂપે;**
**ચૈતન્યરૂપે સઘળે પ્રકાશે,**
**તે જ્યોતિને અંતર આ નમે છે.’**

પૂજ્ય શ્રીમોટાને જે સખા તરીકેનું સંબોધન થયું છે તે પણ સખ્યભક્તિના ભાવે નહિ, પરંતુ જે સર્વ જીવમાત્રના મિત્ર એવા સર્વત્ર આપ્ત ચૈતન્ય તરીકે થયું છે. તે વખતે ગીતાનો શ્લોક सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति । આપણા સ્મૃતિપટ પર તરી આવ્યા વિના રહેતો નથી. અને એની જ યાદ અપાવે એવો બીજો ભટ્ટ સાહેબનો શ્લોક વાંચો :

**“જે બ્રહ્મ સર્વાંતરમાં રહ્યું છે,**
**તે સર્વનું મિત્ર ખરેખરું છે;**
**ને બ્રહ્મરૂપી નિજ સદ્‌ગુરુ એ,**
**સાચા સખા ભક્તજનો તણા છે.”**

સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા, સામર્થ્ય અને નિરંતર આનંદ વગેરે ચેતન પુરુષના પ્રગટ લક્ષણો ગણાય. તેમાંથી ‘નિરંતર આનંદ’નું લક્ષણ વેધક રીતે નીચેની પંક્તિમાં ઝિલાયું છે.

**‘આનંદનો સાગર નિત્ય રેલે,**
**જે આપના કોમલ અંતરંગે.’**

ત્યારે વળી સામર્થ્ય વિશેની અચળ શ્રદ્ધા

**'કલ્પદ્રુમે આશ્રય અર્પિયોજો,**
**સંકલ્પ તો કેમ થશે ન પૂરો ?'**

તથા

**'શક્તિ કૃપાની ગુરુવર્યની જે,**
**ચઢાવશે તે ગિરિરાજશૃંગે.'**

જેવાં ચરણોમાં પ્રગટ થાય છે.

**'હે વ્યોમ શા વ્યાપક દેહધારી !'** એ એક પંક્તિ ઉપનિષદોની ઉપમાની ઝાંખી કરાવી અનુભવીની સર્વવ્યાપકતાનો સ્વીકાર અદ્‌ભુત રીતે કરાવે છે.

ચેતનતત્ત્વનું સ્વરૂપ કઈ રીતે સર્વ વ્યાપક હોઈ શકે તેનું સુંદર વર્ણન શ્લોક ૪૯ની **'જે બ્રહ્મ સર્વાંતરમાં રહ્યું છે'** પંક્તિથી શરૂ થઈ ૫૯મા શ્લોક સુધી વિસ્તર્યું છે. એવું જ શ્લોક ૯૨થી ૯૮ સુધી આત્માનું - સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. એ બંને દ્વારા ભારતીય ધર્મસાહિત્યમાં વ્યક્ત થતા પરમતત્ત્વ - ભગવાનના સ્વરૂપ વિશેનો ખ્યાલ આપણને આવે છે.

કેટલીક પંક્તિઓમાં પૂજ્યશ્રીનાં આધ્યાત્મિક વિચારકણો સહજ રીતે ઉપસી આવ્યા છે. પૂજ્યશ્રી વારંવાર કહે છે, 'ભગવાન કે સદ્‌ગુરુની કૃપા તો છે જ, પરંતુ એ કૃપાને ઝીલવા માટે આપણે સ્વીકારાત્મક ભૂમિકા તૈયાર કરવી ઘટે.' એના વિશે નીચેની પંક્તિઓ સૂચક છે :

**'વર્ષી રહી છે પ્રભુની કૃપા તો,**
**તે ઝીલવા પાત્ર મને બનાવો.'**

બુદ્ધિની ખણજ તથા કોરી કોરી સમજ, શાસ્ત્રનાં અધ્યયનોની મર્યાદાઓ અને જડભક્તિની વ્યર્થતા પ્રત્યે અંગુલનિર્દેશ કરી એકાશ્રય કેળવવા માટે કોઈ એકાદ જીવતા નર સેવવાનું પૂજ્યશ્રી કહે છે. એનું પ્રતિબિંબ

**'જો બુદ્ધિથી જ્ઞાન થવા મથું છું'**

તથા

**'શાસ્ત્રો તણાં અધ્યયનો થકી જે'**

તેમ જ

**'તીર્થાટનો ભૂમિતલે કર્યાથી'**

વગેરે પંક્તિઓથી શરૂ થતા શ્લોકોમાં પડે છે. આમ છતાં શરણાગતિ અને આત્મનિવેદન એ બે તત્ત્વો આખીય કૃતિમાં પ્રધાનપદે રહી અનેક પંક્તિઓમાં ઠેર ઠેર દૃષ્ટિગોચર થાય છે. તે એટલે હદ સુધી કે આ સમગ્ર સર્જન એક શરણાગતિ સ્તોત્ર જ બની ગયું છે. આખાય સ્તોત્રની એક મોટામાં મોટી ફલશ્રુતિ તો ભટ્ટ સાહેબની એકાશ્રય અને સાધન અંગેની ગડમથલનો આવેલો અંત છે. એમણે પૂજ્ય શ્રીમોટાનું શરણું સ્વીકારી એકાંતિક ભક્તિ અપનાવી છે. એમને આત્મનિવેદનનું એક ઉત્તમોત્તમ સાધન પણ લાધી ગયું છે. નવધા ભક્તિમાં ભક્તિના એક પ્રકાર તરીકે આત્મનિવેદનનો સ્વીકાર થયેલો છે. વૈષ્ણવ સંપ્રદાયમાં તો એનો ખૂબ મહિમા ગવાયો છે.

**श्रवणं कीर्तनं विष्णो स्मरणं पादसेवनम् ।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥**

આમ શ્રવણ, કીર્તિન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, આત્મનિવેદન એ અપરા ભક્તિના નવ પ્રકાર છે. જેને સાધનાભક્તિ પણ કહે છે.

કથા, શ્રવણ, જપ, તપ, પૂજા, ભજનકીર્તન એ બધાંમાં સૌથી સારામાં સારો માર્ગ આત્મનિવેદનનો છે. આત્મનિવેદન એટલે ઈષ્ટ, અનિષ્ટ, સારું, નરસું, તન, મન, ધન સર્વસ્વને ભગવાનના ચરણોમાં ધરી દેવું. આ અણમોલ અને અલૌકિક સાધન દ્વારા અધોગતિએ જ તો જીવ પોતાનો ઉદ્ધાર પામી શકે છે. ભગવાને આવા સમર્પણ કરનારને ઐશ્વર્યના ભાગીદાર બનાવવાનો સધ્યારો ગીતામાં આપેલ છે. ભાગવતમાં પણ કહેવામાં આવ્યું છે.

**मर्त्यो यदा त्यक्तसमस्तकर्मा निवेदितात्मा विचिकीर्षितो मे ।**
**तदामृतत्वं प्रतिपद्यमानो मयात्मभूयाय च कल्पते वै । ( ११-२१-३४ )**

'જ્યારે મનુષ્ય સર્વ કર્મોનો પરિત્યાગ કરીને મને આત્મસમર્પણ કરી દે છે ત્યારે તે મારો વિશેષ પ્રિય બની જાય છે અને હું એને એના જીવભાવમાંથી છોડાવીને અમૃત સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવું છું અને તે મારામાં ભળી મારું જ સ્વરૂપ બની જાય છે.'

આમ આત્મનિવેદન ભક્તિની સહુથી ઊંચી કક્ષા પણ છે. પૂજ્ય શ્રીમોટા પણ આત્મનિવેદન પર ખૂબ જ ભાર મૂકે છે અને તે એને એક ઉત્તમ સાધન તરીકે પ્રમાણે છે. આત્મનિવેદનમાં રહેલી આંતરિક પ્રક્રિયા સમજાવતાં **'જીવનપગથી'**માં પૂજ્યશ્રી કહે છે :

'ગુમાસ્તો વેપાર તો કરી આવે છે ને કંઈ ભારે સોદો હોય છે તો હિંમત રાખીને પણ કરી તો નાંખે છે, પણ શેઠને બધી વાત કહી દે છે ત્યારે તેના દિલમાં પછી ભાર રહેતો નથી. ઘરમાં મા મોટા દીકરાને કે ઘરની સ્ત્રી પતિને કહીને દિલ ખાલી કરી નાખે છે ને નિશ્ચિંત બને છે. અથવા આખું વર્ષ વાંચીવાંચીને મગજમાં જે ભાર ભર્યો હોય છે, તે પરીક્ષામાં સવાલોના જવાબો લખી નાંખીને વિદ્યાર્થી પરીક્ષા પછી કેવી નિરાંત ભોગવે છે ! એવું આપણે પણ ભગવાન પ્રત્યે કરવાનું છે. વળી મા છે તે નવ માસ પેટમાં ભાર સહન કરે છે ને પ્રસવની વેદના પણ સહે છે. એવી વેદના વેઠ્યા વિના પ્રસવ થતો પણ નથી, જો કે કોઈકને એવી વેદના થોડા પ્રમાણમાં થાય છે પણ તે જુદી વાત છે. તેવી રીતે જ્યારે કોઈ ભારની વેદના લાગે છે, ત્યારે જ ગદ્ગદ કંઠે આપણાથી આપણું બધું કહ્યાં કરાય છે.'

આત્મનિવેદન શા માટે કરવું જોઈએ તે સમજાવતાં **'જીવનસંશોધન'**માં પૂજ્યશ્રી લખે છે. 'સાધનાના ગાળામાં જીવપ્રકારનો અનેક જાતનો મળ ઉપર તરી આવવાનો છે. એવા કાળની તે દશામાં તણાઈ જઈને આપણને કંઈ કંઈ અન્યથા પ્રકારનું વિચારવાનું બનવાનું છે. ત્યારે જો સંપૂર્ણ જાગ્રત કે યોગ્ય પ્રકારના વિવેકવાળા ન રહી શક્યા, તો અથડાઈ પણ પડીએ. આપણે નિખાલસ એકરાર કરીએ એટલું આપણે કાજે બસ નથી. આત્મનિવેદનમાંથી તો શુદ્ધિ પ્રગટ્યા કરે ને તેમાંથી શક્તિ પ્રગટતી જાય છે. આત્મનિવેદન એ તો ભક્તિનું એક મોટામાં મોટું સાધન છે. સાચા દિલથી થયેલું આત્મનિવેદન જીવનમાં બળ પ્રગટાવે છે અને જે બાબતનું આત્મનિવેદન થઈ શક્યું હોય તે બાબત ફરીથી ન બનવાને માટે આપણને તે જાગ્રત રખાવે છે. આત્મનિવેદનથી પ્રેરકબળ મેળવી લેવાની કળા સાંપડે છે. એટલે આપણે જો ખુલ્લા હૃદયનો મુક્ત એકરાર કરતા હોઈએ છીએ તો તેમાંથી શૌર્ય, હિંમત ને ધીરજ પ્રગટે છે. એવા એકરારમાંથી ફરીથી તેવું કર્મ ન બની શકે એની જ્ઞાનયુક્ત જાગ્રતિ પ્રગટે છે. તો જ તે સાચા હૃદયનો એકરાર ગણાય.'

આવું આત્મનિવેદન કેવા પ્રકારનું હોવું જોઈએ અને તેમાં કેટલી શક્તિ રહેલી છે તે સમજાવતાં પૂજ્યશ્રી **'જીવનમંથન'**માં જણાવે છે, 'જો આપણાં બધાંની હૃદયની સાચેસાચી ને પૂરેપૂરી નેમ હશે તો કશું પણ બાકી રાખ્યા વિના બધું જ આપવું પડવાનું છે. સંપૂર્ણપણે ખાલી થઈ ગયા વિના ચેતનની પ્રતિષ્ઠા થઈ શકવાની નથી. તે પણ નક્કર હકીકત છે. પરિશ્રમ તો ઘણો ઘણો લેવો પડશે. રોદણાં રડવાથી શું વળે ? હૃદયનું ખરેખરું આત્મનિવેદન જો થયા કરતું હોય તો તેવાં આત્મનિવેદનો તે રોદણાં નથી. તેવાં આત્મનિવેદનોમાંથી તો એક પ્રકારની શક્તિ પ્રગટે છે. તે આપણને વિશેષ જાગ્રત કરે છે. આપણી નિર્બળતાને ચીંધે છે. તેમાંથી સબળ બનાવવાને પ્રેરણા બક્ષે છે. આપણા ધ્યેયમાં એકાગ્ર

અને કેંદ્રિત રખાવવાને તે આપણને ચેતવે છે. આત્મનિવેદનના એકધારા હૃદયપૂર્વકના અભ્યાસમાંથી તો ચેતનની સાથેનો હાર્દિક સંબંધ પ્રગટે છે ને આત્મનિવેદનની એ મોટામાં મોટી ખૂબી છે. જે બાબતનું આપણે આત્મનિવેદન કરતા હોઈએ, તે બાબતની સતત જાગ્રતિ જો આપણામાં પ્રગટતી અનુભવાય તો તે આત્મનિવેદન સાચું છે. એમ પ્રમાણવું... હૃદયપૂર્વક થતા આત્મનિવેદનથી કે તેવી પ્રાર્થનાના ભાવથી એક પ્રકારની એકાગ્રતા પ્રગટે છે, ને એકાગ્રતાને લીધે અજાગ્રત મનના સૂક્ષ્મ થરોમાં ખળભળાટ જન્મવાથી તેમાંથી ઘણી વાર પ્રાર્થનાની કે આત્મનિવેદનની હકીકત ફળતી અનુભવાય છે.'

આત્મનિવેદનની માનસશાસ્ત્રીય અગત્ય સમજાવતાં તથા તેમાં કોઈ પણ પ્રકારનો ગેરલાભ નથી તે સ્પષ્ટ કરતાં પૂજ્યશ્રી **'જીવનપાથેય'**માં લખે છે, 'સાધકના જીવનમાં કંઈ કંઈ મડાગાંઠો હોવાની જ. જો તે પૂર્ણપણે ખુલ્લો ન રહ્યાં કરે, એનાથી નોખાપણું ન રાખ્યા કરે તો તે જરૂર ક્યાંક ને ક્યાંક ફસાઈ જાય, એટલે સાધકે પોતાના મનના વિચારોને આત્મનિવેદનની ભાવનાથી જણાવ્યા કરવામાં ક્યાંય પણ ગેરલાભ નથી. જે વિચારો ઘણા વખત સુધી મનમાં સૂક્ષ્મપણે છુપાયેલા પડ્યા હોય છે તે વિચારો વખત જતાં બળવાન બને છે અને આપણને તે ઊંધે પાટે પણ ચડાવે છે. વિચારોનું બળ જેવું તેવું હોતું નથી. એટલા માટે જ આપણામાં આત્મનિવેદનનો પ્રકાર એ ઉત્તમ પ્રકારની ભક્તિ ગણેલી છે.'

આવા આત્મનિવેદનથી શું થાય એવી શંકા કોઈ નકારાત્મવાદીઓને થાય તેનો જવાબ આપતાં પૂજ્યશ્રી **'જીવનપગરણ'**માં જણાવે છે, 'આપણે આપણા મિત્રને કે સ્નેહીઓને આપણી ઉપાધિઓ, મુશ્કેલીઓ, ગૂંચો કહી નાંખીએ છીએ ત્યારે આપણું દિલ એક પ્રકારનું હળવું થયેલું આપણને નથી લાગતું ? મિત્ર કંઈ દુઃખ લઈ લે છે ? ના, પણ એની લાગણી, પ્રેમ ને સહાનુભૂતિની ભાવના આપણી સાથે ભળે છે એટલે આપણને હળવાપણું લાગે છે. તો ભગવાન તો મિત્ર કરતાં પણ વધારે છે ને ?'

કેવા ભક્તનું આત્મનિવેદન ફળે અને શા માટે એની સ્પષ્ટ સમજૂતી આપતાં શ્રીમોટા **'જીવનપોકાર'**માં લખે છે. 'પોતે કેવાં છીએ ને કેવાં બનવાનું છે એનું જેને તીવ્રમાં તીવ્ર જ્ઞાનભાન રહે છે, અને તે ભાવના જેના રોજિંદા વ્યવહાર વર્તનમાં અમલી બન્યાં કરતી રહે છે, તેવો જીવ ખરેખરી સાચી ભાવનાવાળો છે એમ જાણવું, સમજવું ને માનવું. જે ભાવનામાં પ્રમાણિકતા છે, દૃઢ મક્કમતાવાળું નિશ્ચયીપણું છે, પાછી હૃદયની જેમાં માર્દવતા છે, પાકી ને ખરી વફાદારીપૂર્વક વળગીવળગીને જેમાં પોતાના ટેકને પાર ઉતારવા કેરી હૃદયની નેમ છે, જેમાં હૃદયની આરપાર નરી દેખાઈને નોખી તરી આવે એવી સચ્ચાઈ છે, એવી ભાવના કદી પણ ઠેરની ઠેર રહી શકતી નથી. એવા પ્રકારના જીવનમાં પ્રગટેલી ભાવના આધારનાં પ્રત્યેક કરણના પ્રાકૃતિક ધર્મમાં પ્રસરે છે, ને તેવી રીતે ફેલાતી ફેલાતી વિસ્તાર પામતી રહે છે. તેથી જ ખુલ્લા, સરળ, નેક હૃદયના પ્રેમભક્તિભાવથી કરાયેલા આત્મનિવેદનમાં તો જીવનને પલટાવી નાખવાની પ્રચંડ શક્તિ રહેલી છે.'

પૂજ્યશ્રીના આ આત્મનિવેદન અંગેના વિચારો અત્રે એકત્રિત કરવાનું નિમિત્ત ઊભું થયું તેથી અનેક સાધકો-સ્વજનો-ભક્તોને તે ઉપયોગી થઈ પડશે એવી આશા વ્યક્ત કરી, એ બધું પૂજ્યશ્રીના ચરણે સમર્પીને વિરમું છું.

*('મોટાચરણે' ત્રી.આ., પૃ. ૯ થી ૩૨)*

## ગુરુની જરૂર શી ?

**સ્વજન :** આપની સાથે પરિચય થયા પછી આધ્યાત્મિક જીવન ઉપર રુચિ જાગી છે, તો એ માટે ગુરુ કરવા જોઈએને ?

**શ્રીમોટા : આધ્યાત્મિક માર્ગે જવું એ બહુ કઠણ છે. અને જ્યાં સુધી તે માર્ગે જવાની જ્વાળામુખી જેવી ધગધગતી ઉત્કટ તમન્ના પ્રગટી ન હોય ત્યાં સુધી આપણે આપણા પોતાના માર્ગે સદાચાર નીતિ વગેરેનું પ્રેમથી પાલન કરીએ અને તેમ કરતાં કરતાં ભગવાનનું સ્મરણ કરતા રહીએ, તો એ માર્ગે જવાની આપણી ભૂમિકા કંઈક પાકી થતી જાય.**

આપણે પ્રભુકૃપાથી ઓચિંતા મળેલા છીએ, તે કંઈ હેતુ વિના નથી. દરેકમાં હેતુ રહેલો છે. એટલે **આપણે બંને પરસ્પર એવો દિલનો દિલથી પ્રેમભાવ પ્રકટાવી પ્રકટાવીને એ પ્રેમભાવને ઉન્નત ટોચે પહોંચાડીએ કે આપણે અરસપરસ એ પ્રેમના આકર્ષણ વડે કરી દિલમાં દિલથી એકતા અનુભવી શકીએ અને એ છે આધ્યાત્મિક માર્ગનું સાચું પ્રયાણ.**

તમારો ૐ નમઃ શિવાયનો મંત્ર છે, જેમાં તમને અભિરુચિ છે. તે તમારા માટે ઉત્તમ છે. ગુરુ કર્યાથી વિશેષ શું ? એના કરતાં તો એવા પ્રકારની દિલની ભાવનાને આપણે વધારે ને વધારે જીવતી કરીએ અને એ ભાવનાથી આપણાં મન, પ્રાણ અને કર્મોને ભીંજાવી ભીંજાવીને મુગ્ધ કર્યા કરીએ અને તે ભાવનાને એ રીતે પરિપક્વ કરીએ, તો વધારે યોગ્ય ગણાય. **ગુરુ કરી દેવા તે તો સહેલું છે, પરંતુ ગુરુની ભાવનાને એના યોગ્ય અર્થ ભાવમાં ટકાવવી તે બહુ બહુ મુશ્કેલ છે.** તમારા પરત્વે મારું દિલ હંમેશાં કૂણું રહ્યા કર્યું છે. અને તમે મળ્યા ત્યારથી તમારું સ્મરણ મારા દિલથી વિખૂટું પડતું નથી. મારા દિલમાં તમારા માટે જે ભાવના છે, એ ભાવનાને બોલીને તમને કેવી રીતે સમજાવી શકું ? તમારી ઉચ્ચ ભાવનાની કદર જરૂર કરી શકું છું.

## કામવૃત્તિના વેગશમનના સ્થૂળ-સૂક્ષ્મ ઉપચાર

**સ્વજન :** મોટા, મને આ મોટી ઉંમરે કામવૃત્તિના જબરા હુમલા આવે છે. કેટલીક સ્ત્રીઓના સામે જોતાં જ એવી વૃત્તિ જાગૃત થાય છે. આ સ્થિતિ નિવારવા માટે શું કરવું ?

**શ્રીમોટા : દિલમાં સંપૂર્ણ લગની લાગ્યા સિવાય કામવાસનાનો ક્ષય થવો દુર્લભ છે.** જેને આપણે આપણા સાચા દિલથી પ્રેમભક્તિથી સાચા સદ્‌ગુરુ માન્યા હોય અને તે સદ્‌ગુરુમાં આપણા દિલનાં શ્રદ્ધા, વિશ્વાસ પૂરેપૂરાં નિષ્ઠા પામ્યાં હોય તોપણ તેવા જીવની કામવાસના નિર્મૂળ થતી નથી. ગીતામાં લખ્યું છે કે ઉપવાસ આદિ ભારે તપ કર્યાથી પણ તે કેટલાક કાળ પૂરતાં દબાય ખરાં, પરંતુ તે પાછાં બમણા વેગથી ઊછળી આવે. તે તો ત્યારે જ શમે કે જ્યારે પ્રભુના રસમાં ઇંદ્રિયો ગુલતાન થઈને મુગ્ધ બની જાય. તેમ છતાં જ્યારે જ્યારે આવી વાસના પ્રગટે ત્યારે સદ્‌ગુરુની પ્રાર્થના કરવી અને તેને ખરેખરા હૃદયથી આર્દ્રતાથી આર્તનાદે પોકારવો. સૌથી પ્રથમ તો આપણે જેને નિર્મૂળ કરવા માગીએ છીએ, તે કામવાસના આપણને-આપણા મનમાં-જાગતાં એટલું બધું તો દુઃખદાયી, ત્રાસજનક તથા અત્યંત વેદનાવાળું લાગવું જોઈએ કે જેથી તેમાંથી તુરત પાછું વળી શકાય. જેમ અંગારા ઉપર પગ મુકાઈ જતાં આપણે એકદમ પગ ઊંચકી લઈએ છીએ તેવી રીતે **કામવાસના આપણા માટે નરક સમાન છે, તેવું જો જીવતું જાગતું દિલમાં દિલથી ડંખતું અને ઘણી ઘણી વેદના પ્રગટાવતું ઉત્કટ ભાન જો આપણને તેના**

**વિશે થઈ જાય અને તેના પરત્વે ઘણો ઘણો અણગમો પેદા થઈ જાય, તો તે હટી શકવાની શક્યતા ખરી.**

આપણા મનમાં સ્ત્રીઓ પરત્વે માતાની ભાવના કેળવતાં જવું. તેમની ફડક ન રાખવી. નિઃસંકોચ થવું અને ત્યારે ત્યારે મનમાં પ્રાર્થના કરવી કે 'હે જગદંબા ! તું મને આવી વિકારી વાસનાથી બચાવજે. હે મા ! તું મારો તેમાંથી ઉદ્ધાર કરજે. હે મા ! આવી દુષ્ટ વિકારી વૃત્તિ મને લાંછન લગાડનારી છે. હે મા ! તું મને તે તે વેળા મદદ કરજે.' આવી જાતની પ્રાર્થના પ્રત્યેક સ્ત્રી-બહેન કે માતાનાં દર્શન વખતે આપણે સભાનતાપૂર્વક કર્યા કરવી. અને બીજી બાજુથી ભગવાનનું સતત સ્મરણ એકધારું ચાલ્યા કરે અને આખા દિવસના ચોવીસ કલાકમાં વધારેમાં વધારે કલાક કેમ કરીને સ્મરણ પ્રગટ્યા કરે તેના વિશે સતત જાગૃત થયા કરવું અને તેના વિશે મહત્ત્વ દિલમાં રાખવું. આ ઉપરાંત, મળશુદ્ધિ થાય તેની સતત કાળજી રાખવી. ઝાડો સાફ આવે તેવો ખોરાક લેવો. ભાજી વિશેષ પ્રમાણમાં લેવી. બની શકે તો થૂલાવાળી ભાખરી ખાવી અને ભાખરીના મોણમાં દિવેલ પણ નંખાવી શકાય. આમ ન બને તો રોજ સવારે ચાર કે છ આની ભાર (૧૦ ગ્રામ) હરડે લેવી.

રોજ રાત્રે બની શકે તો નાહીને સૂવું. રોજ રાત્રે સૂતી વખતે ધોયેલાં કપડાં પહેરવાં, ચાદર ઓશીકાં વગેરે પણ ધોયેલાં જ વાપરવાં. આવી શુદ્ધિનું આચરણ પાડવાથી ઘણો ફાયદો થાય છે. આ ઉપરાંત, સવારમાં વહેલા ઊઠવાની ટેવ પાડવી. કંઈક વ્યાયામ જેવું કરવું અથવા તો ચાલવાની કસરત કરવી.

રોજ દિવસમાં બે વાર ઇંદ્રિય ઉપર એક ડોલ ઠંડું પાણી ધીરે ધીરે લોટા વતી રેડતા જવું. પાણીની સરળતા જો હોય તો બે ડોલ ઠંડુ પાણી પણ રેડવું. શિયાળો ગયા પછીથી ઇંદ્રિય ઉપર બપોર પછીથી માટીનો પાટો બબ્બે કલાકે બદલતાં રહેવું. આખા દિવસમાં ચાર પાટા કરવા. રોજ રાત્રે સૂતી વખતે અને ઊઠતી વખતે સદ્‌ગુરુને તે માટે પ્રાર્થના કરવી.

તમે સદ્‌ગુરુનું જે દર્શન ઇચ્છો છો, તે પ્રભુકૃપાથી કોઈ કાળે બને પણ ખરું. ભક્તિ વધ્યા વિના તેમ થવું શક્ય નથી. મારા એક મિત્ર જે મારી સાથે સાધનામાં સંકળાયેલા છે તેમને મૌનમંદિરમાં મારી હાજરી શરીરના રૂપ વિના કેટલીયે વખત પ્રત્યક્ષપણે અનુભવમાં આવેલી છે. તે તેમનો ખાતરી કરેલો અનુભવ છે. અને તેમની તે વિશેનો તેમનો એકરાર કોઈવાર એકાંતમાં વાંચવા પણ આપીશ. અહીંની કશી હકીકત તમારે કોઈને કહેવી નહિ અને પ્રચાર પણ કરવો નહિ. મારા જીવન વિશેની કંઈ હકીકત જાણવી કરવી હોય, તો વખત જતાં આપમેળે તમને પોતાને સમજાશે. તેમ છતાં તમારે જાણવું જ હોય તો **'જીવનપોકાર'**માં આ જીવના એવા ઘણા જાણવા જેવા દાખલા તે ચોપડીમાંથી તમને મળી જશે. માટે, **તમે તમારા સદ્‌ગુરુ માટેની ભક્તિ વધારો અને જેમ બને તેમ અનાસક્તિ, નિર્મમત્વ, નિર્લોભ, નિર્મોહ, નિરહંકારપણું આ બધું જાગૃત ખ્યાલ રાખીને કેળવ્યા કરો તો જ તેમનાં દર્શન માટે આપણે લાયક થઈશું.**

*('સંતહૃદય' ત્રીજી આ., પૃ. ૧ થી ૫)*

## પ્રકૃતિની વિકૃતિ

**સ્વજન :** મોટા સ્વભાવની વિકૃતિ ક્યારે ટળશે ? ભક્તિ ક્યારે થઈ શકશે ?

**શ્રીમોટા :** તમારી પ્રકૃતિ અને સ્વભાવને તો તમારે જ ઠીક કરવાં રહ્યાં. હું તો માત્ર પ્રેમ કરવાનું સમજ્યો છું. આપણે પોતે પોતાની પ્રકૃતિ અને વિકૃતિઓને સાચી રીતે સમજતા થઈ જઈશું અને તે જો ખરેખરી ડંખશે, તો તે વડે ઉપર આવી શકીશું ખરા.

*('સંતહૃદય' ત્રીજી આ., પૃ. ૯)*

બોદાલ હરિજન આશ્રમનો ઉદ્‌ઘાટનનો પ્રસંગ હતો. સરદારશ્રી વલ્લભભાઈ પટેલ તેનું ઉદ્‌ઘાટન કરવાના હતા. ગામડાઓમાંથી લોકોના ટોળેટોળાં બોદાલ ગામે ઠલવાતાં હતાં. જનમેદની હજારોની સંખ્યા પર પહોંચી ગઈ હતી અને બોદાલ હરિજન આશ્રમના ચોગાનમાં ઊભા રહેવાની પણ જગ્યા નહોતી.

સમય થયો અને સરદારશ્રી પધાર્યા. લોકોએ એમને હર્ષનાદથી વધાવી લીધા. એક હરિજન આશ્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે લોકો આટલી બધી સંખ્યામાં આવ્યા હતા એ ખુશી થવા જેવી વાત હતી. સરદારશ્રીએ આ માટે જનતાને અભિનંદન આપ્યાં અને આભડછેટના કલંકને સમાજમાંથી દૂર કરવા ભલામણ કરી.

નદીમાં પૂર આવે છે ને ઓસરી જાય છે. એમ સભાનું કાર્ય પૂરું થતાં જનતાની મેદની ઓસરી ગઈ. આખા દિવસના કામથી શ્રીમોટા થાકી ગયા હતા એટલે સ્નાન કરીને તેઓ તેમની પથારી લઈને આશ્રમના ખેતરમાં એકાંતમાં સૂવા ગયા. શ્રીમોટાની સાથે સદ્‌ગત ઠક્કરબાપા અને શ્રીકાન્ત શેઠ પણ સૂવા આવ્યા. શ્રીમોટા વચ્ચે સૂતા અને તેમની એક પડખે ઠક્કરબાપા અને બીજે પડખે શ્રીકાન્ત શેઠ સૂતા.

સભાની જગા માટે ખેતરમાં સાફસૂફી કરતાં બપોરે એક સાપને સતાવેલો તેથી તે ક્યાંક આડોઅવળો થઈ ગયેલો. રાત્રે શાંતિ થતાં પોતાને સ્થાને આવતો હશે ત્યાં ત્રણ જણાને સૂતેલા જોયા. એક તો સાપ આખા દિવસનો અકળાયેલો હતો અને બીજી તરફ આ ત્રણ જણનો વિક્ષેપ આવ્યો. એટલે ધૂંધવાયો હોય, તેથી જે હો તે, સાપ તે સૂતેલા ત્રણ જણા પાસે જઈને અડખે પડખેનાને નહિ પણ વચમાં સૂતેલા શ્રીમોટાની જ જાંઘમાં બે ત્રણ ડંખ માર્યા, જેવા ડંખ વાગ્યા તેવા જ શ્રીમોટા બૂમ પાડીને જાગી ઊઠ્યા અને શ્રીમોટાની બૂમ પડતાંની સાથે જ સદ્‌ગતશ્રી ઠક્કરબાપા અને શ્રીકાન્ત શેઠ જાગી ગયા. અને બોલ્યા : “ચૂનીભાઈ, શું છે ? શું છે ? પણ શ્રીમોટાને બોલવાના હોશ નહોતા. તેઓ તો બેભાન થઈને પડ્યા હતા.

પણ બેભાન થવાની પળે જ એમને ખ્યાલ આવી ગયો કે સાપ કરડ્યો લાગે છે અને તેના ઝેરની અસર મને બેભાન બનાવી રહી છે તે જ પળે તેમણે મોટેથી **‘હરિઃૐ, હરિઃૐ’**નું રટણ ચાલુ કરી દીધું. સદ્‌ગત ઠક્કરબાપા અને શ્રીકાંત શેઠે શ્રીમોટાને કહ્યું કે ચૂનીભાઈ, તમને સાપ કરડ્યો છે અને તમે **‘હરિઃૐ, હરિઃૐ’** શા માટે બોલ્યા કરો છો ? પણ **શ્રીમોટા હરિઃૐ**ના રટણમાં જ મસ્ત હતા એટલે તેમણે કાંઈ ઉત્તર વાળ્યો નહિ.

આખરે શ્રીમોટાને સાપ કરડયો છે એમ નક્કી થતાં તેમને ગાડામાં સુવાડી બોદાલની પાસે આડોદર ગામે લઈ ગયા. સાપ ઉતારનાર આવ્યો. તેણે તેની રીતે સાપ ઉતારવાનો પ્રયત્ન પણ કર્યો. સાપના ઝેરની અસર એટલી બધી પ્રસરી ગઈ હતી કે તેનું કાંઈ વળ્યું નહિ. દરમિયાનમાં કોઈએ દોડીને સદ્‌ગત ઠક્કરબાપાને ખબર આપ્યા કે ચૂનીભાઈને સાપ ઉતારવા આડોદર લઈ ગયેલા પણ ત્યાં સાપ ઊતર્યો નથી એટલે ગાડામાં પાછા લાવે છે. તરત જ ઠક્કરબાપાએ કોઈને બોરસદ મોકલી ટેક્સી મંગાવી પરંતુ તે પૈસા લીધા વિના ગયેલા હોવાથી પાછો

આવ્યો. ગણતરીની પળો હતી. વિલંબ થાય તો શ્રીમોટા મોતનો કોળિયો બને તેમ હતા. હવે રાહ જોવાય તેમ નહોતી એટલે બીજા માણસને પૈસા આપી મોકલ્યો. તે મારતી સાયકલે બોરસદ પહોંચી ટેક્સી લઈ આવ્યો અને શ્રીમોટાને ટેક્સીમાં બેસાડી બને તેટલી ઝડપે આણંદના મિશનના દવાખાનામાં લઈ ગયા. જાણીતા ડૉ. કૂક ત્યારે મુખ્ય દાક્તર હતા. શ્રીમોટા વિશે બધી હકીકત જણાવીને તેમનો કેસ ડૉ. કૂકને સુપ્રત કર્યો.

આ વખતે સાપ કરડ્યાને સાતેક કલાક થઈ ગયા હતા. શરીરમાં પ્રસરી ગયેલું ઝેર શી રીતે કાઢવું એ સવાલ હતો. ડૉ. કૂકે શ્રીમોટાનો હાથ પકડીને નાડી જોવા માંડી. તો તે ઘણી મંદગતિએ ચાલતી હતી. ડૉ. કૂક બોલ્યા કે બહુ મોડા પડ્યા છો પણ છેલ્લો ટ્રાય કરી જોઉં, બાજી ઉપરવાળાના હાથમાં છે, કહીને તેમણે શ્રીમોટાને ઓપરેશન હૉલમાં લીધા અને સખત એનીમા આપીને પેટ અને આંતરડાં વોશ કર્યા અને તે પાણીની તપાસ કરાવી તો મોટા પ્રમાણમાં તેમાં ઝેર છે એમ જણાયું.

જેમ જેમ એનીમાનું પાણી શ્રીમોટાના પેટમાંથી બહાર નીકળવા માંડ્યું તેમ તેમ તેની તપાસ કરાવવા માંડી. તે ઉપરથી જણાયું કે દરેક વખતે ઝેરનું પ્રમાણ ઓછું થતું જાય છે. છેલ્લે પાણીનો અંશ નીકળ્યો ત્યારે ઝેરનું પ્રમાણ નહિવત્ હતું. ડૉક્ટરને હવે વિશ્વાસ બેઠો કે દરદી હવે જીવી જશે. તેઓ બોલ્યા : ‘‘દરદીનું પુણ્ય આડું આવ્યું લાગે છે, નહિ તો જેના શરીરમાં આટલું બધું ઝેર પ્રસર્યું હોય તે ભાગ્યે જ જીવી શકે. દરદીનું ભાગ્ય અને મારો પ્રયત્ન બંને કામ કરી ગયાં. પરમેશ્વર કેટલો દયાળુ છે ! ડૉક્ટરની વાત સાચી હતી. શ્રીમોટા બચી ગયા હતા. પરંતુ શ્રીમોટા બોદાલથી ટેક્સીમાં આણંદ આવ્યા અને ઈમરજન્સી કેસ તરીકે ડૉક્ટર કૂકે તેમનો કેસ હાથમાં લીધો. ત્યારથી તેઓ એક પળનોય પોરો ખાધા વિના દરદીની સંભાળમાં જ રહ્યા હતા. શ્રીમોટાની સાથે આવનાર માણસો આ જોઈ શકતા હતાં. મિશનરીઓ માનવસેવા કરવા માટે કેટલા તત્પર હોય છે અને કોઈ પણ ઉપાયે દરદીને સારો કરવા કેવો સતત અને અથાગ પ્રયત્ન કરતા હોય છે ! આ તેમની કામ કરવાની રીતથી માણસો તેમની ઉપર મુગ્ધ બને છે. સેવાક્ષેત્રમાં કામ કરનારાં જો આ રીતે કામ કરે તો પ્રજાની કાયાપલટ થઈ જાય.

શ્રીમોટા વિચારતા હતા કે જે સ્મરણને નિરંતરનું કરવા માટે હું અથાગ પ્રયત્ન કરતો હતો તેમ છતાં તેને યારી મળતી નહોતી. તે મારા ગુરુ મહારાજે મને સાપ કરડાવીને નિરંતરનું કરી આપ્યું હતું, ઘડિયાળની જેમસ્તો. ઘડિયાળ ટક ટક બોલે તેમ મારા અંતરનું ઘડિયાળ **‘હરિઃૐ, હરિઃૐ’** કરી રહ્યું હતું. ઘડિયાળને ચોવીસ કલાકે ચાવી આપીએ ત્યારે જ ટક ટક બોલે પણ **અંતરનું ઘડિયાળ તો ચાવી આપ્યા વિના જ ‘હરિઃૐ, હરિઃૐ’ બોલતું હતું.**

દવાખાનાના કૉટમાં શ્રીમોટા સૂતા હતા. એક બાજુ સર્પદંશની આછી કંપારીથી દિલ ધડકતું હતું તો બીજીબાજુ **‘હરિઃૐ’**ની નિરંતરની ધડકનથી દિલ આનંદિત થતું હતું. ઘડીભર તો શ્રીમોટાને થઈ ગયું કે મારા ગુરુ મહારાજ તો સાપ બનીને નહિ કરડ્યા હોય ! કારણ કે મારી એક તરફ ઠક્કરબાપા સૂતા હતા અને બીજી તરફ શ્રીકાંત શેઠ. સાપ આ બેને ન કરડતાં મને જ કેમ કરડ્યો ? કુદરતની કેવી રચના છે ?

*(‘ગુજરાતની સંતવિભૂતિ શ્રીમોટા’ પ્ર.આ., પૃ. ૧૪૬ થી ૧૪૯)*

**સ્વજન** : જપ કરતાં, વૃત્તિઓ શાથી સાકાર થતી હશે ?

**શ્રીમોટા :** જ્યારે જપ કરવા માંડીએ, જપ જેમ જેમ વધારે વખત કરાતો જાય, જપ અખંડ થતો જાય - જપ માટેનો એ શબ્દ આકાશની સાથે સંકળાયેલો છે. એથી એ જ્યારે અખંડ થાય ત્યારે આ બધી વૃત્તિઓ છે- મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ બધામાં પોતાની સ્વતંત્ર-શરીરની જુદી જુદી, હોં, એકની એક જ પ્રકારની નહીં, દરેકની જુદી જુદી હોય છે. અને ત્યારે જ એને ફુલ્લ સ્કોપ(=સંપૂર્ણક્ષેત્ર) મળે છે, કારણ કે અત્યારે આપણે જીવદશામાં હોઈએ ત્યારે જુદી જુદી બીજી અનેક પ્રવૃત્તિઓમાં રોકાયેલા પણ હોઈએ છીએ. અને સજાગ હોવાથી આ થાય છે. ભલે તેને રોકી ના શકતા હોઈએ. પણ તે મોળી તો પડે જ છે. મોળી તો પાડી શકતા હોઈએ છીએ - આટલું તો થાય જ છે પણ જ્યારે શબ્દ સંપૂર્ણ સાકાર થાય છે, ત્યારે શું થાય છે ? મનાદિ ઉપર તેનો કન્ટ્રોલ(=કાબૂ) હોતો નથી. જેમ થતું હોય તેમ થવા દે છે. એવી સ્થિતિ થઈ જાય છે. એટલે આ બધાંય છૂટ્ટાં ઢોર થઈ જાય છે. ત્યારે આ બધી વૃત્તિઓ ખીલવા માંડે છે. પણ તે વખતે સતત જપમાં રહેલા હોવાથી - આપણામાં જે સાક્ષીપણું છે, તે સાક્ષીપણું વર્તવા માંડે. સાધનામાં પ્રવેશે. સહેજ થોડી ઊંચી કક્ષામાં જાય. એનું સાક્ષીપણું જુદું છે, અને ઊંચે ગયેલો સાધક છે, તેનું સાક્ષીપણું જુદું. એ સાક્ષીપણાને લીધે પેલો સમજે છે કે આવા આવા આમ આમ તોફાનો થાય છે. અને આ કરે છે એ અખંડ જપ પેલું સાક્ષીપણું છે, તે પછી તેનામાં જે અવેરનેસ(=પૂર્ણ જાગૃતિ) આવી, એને લીધે જે હુકમ નથી કરતો કે દબાવી નથી દેતો. પણ એને એમ કહે છે કે, 'ભઈ, આ ઠીક નથી કરતો. આનું તારે શું કરવું છે ? તું શું કરે છે આને ? તું જે કરવા માંગે છે, તે આમાં થઈ નથી શકવાનું. તું જો, કરી જો' અને કરી જોવા દે છે. એ કરી જોવા દે છે પણ ખરો, પણ થતું નથી. અનુભવ કરીને તે પાછો ફરી જાય છે. શાંત થઈ જાય છે. એમ બધાં ધીરે ધીરે શાંત થઈ જાય છે. **અવેરનેસ(=પૂર્ણ જાગૃતિ)** પછી પ્રકૃતિની સ્થિતિ રહેતી નથી. એની **ડીવાઈન અવેરનેસ(=દિવ્યજાગૃતિ)** થઈ જાય છે. એનું મીડીયમ(=માધ્યમ) પ્રકૃતિ હોય છે. અને છતાં પોતાની રીતે પ્રકૃતિ વર્તી શકતી નથી. એ એની જે ઊંચી જાતની સ્થિતિ છે, એના પ્રમાણે વર્ત્યા કરે છે. પ્રકૃતિના લેવલ પ્રમાણે તે વર્તતી નથી.

એટલે શરૂઆતમાં તેના કામ, ક્રોધાદિ હુમલાઓ-ફંક્શનો થયાં કરે છે ખરાં - સાધક એ જાણે છે - અથવા તેનાં જે પરીક્ષણ હોય છે, તે થયાં કરે છે ખરાં. તે થયાં કરે છે એટલે એમાં જે વર્તનારો સાધક છે, તે જાણે છે કે, આમાં સાલું, આ બધું થાય છે. એ કદી એને હુકમ કરીને દાબી દેતો નથી. કારણ કે એ સમજે છે, કે જો એને દાબી દઈએ, પ્રેસ કરીએ, તો ફરી વાર ડબલ જોરથી આવવાનો છે. માટે ધીરેધીરે એની પાસેથી કામ લો. માટે સમજાવી, સમજાવીને એની સાથે કામ લે છે.

આ બધાં બળો એની સાથે રહે છે. એ સાથે શી રીતે રહે છે — દા.ત. આપણને કામ થયો. એ કામ— પેશનને સાધનામાં શી રીતે વાળી દેવો ? એમ આપણને પ્રશ્ન થાય. પણ એમાં જોશ છે. તે એટલું બધું જોશ છે, જે **વાયટાલીટી(=શક્તિમત્તા)** છે. તે વાયટાલીટીને આની સાથે જોડી દે. એવી એક કળા આવી જાય છે. સામાન્ય માણસ નહિ કરી શકે, પણ એનામાં એવી કળા આવી જાય છે. ઘણી વખત એણે અભ્યાસ કરેલો, આવા પ્રયોગ કરેલા હોય છે. એટલે એવી કળા એનામાં આવી જાય છે. એટલે એને કોઈપણ કામ, ક્રોધ, લોભ, મોહ — આ કંઈ

પણ થયું તો એની વાયટાલીટી પોતે પોતાની સાધનામાં વાપરી લે છે. એવી કળા એનામાં છે. શરૂઆતમાં એ પાંચ-દસ, પંદર વાર વાપરે છે. એ ફાવી શકતો નથી. તેમ છતાં એ છોડી દેતો નથી. એ પોતાના કામમાં વાપરવાની કળામાં તૈયાર જ હોય છે. પ્રયત્નમાં તે આખરે ફાવે છે. એવી રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ આદિ બળો જીવનમાં ઊર્ધ્વગામી થઈ પણ શકે. **ગમે તેમ આખરે તેને પેલું જોશ છે. આખરે એ ફોર્સ છે. આ ફોર્સને એ પોતાની સાધનામાં વાળી લે છે. આવી એક કળા છે. આ તો મને સદ્‌ગુરુએ શીખવાડી હતી.** ગમે તે કરી શકે. અમુક જ કરી શકે એવું છે નહિ. માત્ર એનો **પ્રિન્સિપલ(=સિદ્ધાંત)** સમજી લેવો જોઈએ. તો એને વાપરી શકાય. અને એમાં વાપરવાથી પછી એવી જાતની એક સળંગ મસ્તી પ્રગટે છે. આ બધાં બળો છે. આ બધાં આપણા શરીરમાં અમસ્તાં નથી રહેલાં. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર બધાં બળ જ છે અને ભારે બળ છે અને એ પછી આપણી સાધનામાં આવે છે ત્યારે આપણને ઑર બળ મળે છે. પછી ખરેખરા મર્દ બની જઈએ છીએ. પછી ગમે તેવા **ઓબ્સ્ટેકલ્સ (=અંતરાયો) સામે આવે - આપણને નમાવે, તો પણ આપણે નમી જતા નથી.**

એક બીજું પણ સાધન છે. તંત્રનું સાધન છે. હું એ શીખ્યો નથી. પણ ગુરુમહારાજે મને આપેલું. **ઓગણીસો તેંતાલીશની સાલમાં જ્યારે શરીરનું મરણ થવાનું હતું,** ત્યારે મેં ભગવાનને અરજ કરી. એ વખતે મને હુકમ તો આપ્યો હતો કે એક કરોડનું કામ કરો. તો મેં કહ્યું, 'મારી શક્તિ નથી. હું તો સાવ ગરીબ માણસ છું. મને કોઈ પચીસ રૂપિયા આપી શકતું નથી.' પણ મેં તો કામ માથે લીધું, કે **'તારો હુકમ છે, તો કરીશ. હજુ તો થયું નથી. અને મને તું લઈ લેવાની વાત કરે છે. માટે તું કૃપા કરીને જીવાડી દે તો જીવવું. અને તારે લેવો હોય તો હું તૈયાર છું. તારે કૃપા કરવી હોય તો કર.' તો કૃપા કરી જીવાયું.** પછી થોડા વખત પછી શક્તિ બહુ ઓછી થવા લાગી. પણ એમાં એક પ્રિન્સિપલ છે. ગુરુમહારાજે કહેલું કે, ઉચ્ચ કક્ષાના સાધક સાથે તારે રહેવું. 'કોઈને તો બહુ વિચિત્ર લાગે, અર્થ વગરનું બહુ ખરાબ લાગે'. 'પણ એમાંથી તારે શક્તિ લેવી. એમ ને એમ ના લેવાય. કોઈ એક્શન(=ક્રિયા) નહિ. સંપૂર્ણ શુદ્ધિ, અને એમાંથી તને શક્તિ મળશે અને એમાંથી તારાથી જીવાશે'. આ તો નવાઈની વાત છે. એમ ને એમ તો આપણાથી કોઈને ભેટાય નહિ. એવું કોઈ મળે ત્યારે ને ! એમ ને એમ કંઈ થાય નહીં, પણ એમાંથી સંજોગ બની ગયેલો ને વાત સાચી થઈ ને એમાંથી મને બળ મળેલું. એ વાત સાચી. આજે આ શક્ય હોય તે ઘણી મોટી વાત થઈ જાય. જ્યાં સુધી ભગવાનને જીવાડવું હશે ત્યાં સુધી જીવાડશે એમ નક્કી થઈ ગયું. એવાં સાધનો એ આપશે તો દુનિયાની કોઈ સેવા કરવા સિવાય વાપરીશ નહિ. કારણ કે એમાં કંઈ જીવવૃત્તિ નથી. ભાવનાની વૃત્તિ છે. એમાં કંઈ સ્ત્રી-પુરુષનો સંગમ કહે છે, એવું કંઈ નથી હોતું. પણ એટલી એ વખતે માનસિક સ્થિતિ અમુક પ્રકારની રાખવાની હોય છે. એ કોની રહે ? એ શક્ય નથી. એવી વખતે એક વખત મેં ભજન લખી બતાવ્યાં છે. ત્રણ ભજન એક સાથે બોલ્યે જ જઉં, ને પાસે બેઠેલો બીજો માણસ લખી લે. તેમની પાસેથી લખાવ્યું. પછી એ કહે : 'મોટા તમારી વાત હવે ખરી. તમારું મન જુદી દિશામાં છે'. મે કહ્યું, 'પાંચ લખુ ?' તો કહે, 'ના હવે મને ખાત્રી થઈ ગઈ'. ગમે તે પ્રશ્ન મને કોઈ પૂછે ને તો તેનો જવાબ સુંદરમાં સુંદર રીતે આપું. સામાન્ય સ્થિતિ કરતાં વધારે સારી રીતે આપી શકું. પણ એ ભગવાનની કૃપા. પણ ગુરુમહારાજ એવો કે કઠણમાં કઠણ કામ સોંપે. દુનિયાદારીનો માણસ એ કરી ના શકે. આ શક્ય નહિ. એને માટે શક્ય નહિ. એટલે એ કરી ના શકે. એની તાકાત ના ચાલે.

હિંમત ના ચાલે. એવા કામ સોંપે. માટીના હાંલ્લામાં તેલ ના મળે, તોય આશ્રમ સ્થાપ્યો. તેલ નહિ, ખીચડી કરીએ, ભાત અને ખીચડી. અંદર મીઠું અને હળદર નાંખીએ. શાકબાક મળે નહી. એવી રીતે રહીએ. બાજરીનો રોટલો ટીપીને ખાઈએ-શાક વિનાનો. એ પણ ભગવાનની પ્રસાદી અને એમાંથી આ બધું ધીરે ધીરે થયું. એ પણ ભગવાનની પ્રસાદી છે. ભઈ, તપ કરો. તે વિના કશું થવાનું નથી. તમારે વેપારમાં પણ સતત એમાં મન પરોવીને જે પ્રોબ્લેમ્સ (=સમસ્યાઓ) આવે તો ધીરે ધીરે તેમાં મન પરોવીને સોલ્વ(=ઉકેલ) કરતાં જવું. આગળ વધ્યાં જઈએ ને એમાં ને એમાં રહીએ. પછી તમે સંસાર ભોગવો. આઠ કલાક એમાં આપવાના તે આપવાના જ. આઠ કલાક તેમાં ખરા જ. જેમ પેલી સર્વિસમાં આઠ કલાક આપો છો, તેવા આમાં પણ ખરા. નહિતર પાપ કરો છો તમે. એમ ને એમ સિદ્ધિ થતી નથી.

*('પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ (તદ્રૂપ-સર્વરૂપ)' દ્વિ.આ., પૃ. ૨૬ થી ૩૧)*

## ગયેલા આત્માને...

૧. નડિયાદ નિવાસી નટવરલાલ કે. છાપરાનું તા. ૪-૧૧-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.
૨. સારસા નિવાસી મૂળજીભાઈ ફુલાભાઈ ઠક્કરનું તા. ૭-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.
૩. નડિયાદ નિવાસી જયંતિભાઈ પરસોત્તમદાસ પટેલનું તા. ૧૨-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.
૪. અમદાવાદ નિવાસી રાજેશભાઈ વાસુદેવભાઈ પંડ્યાનું તા. ૧૩-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.
૫. અમદાવાદ નિવાસી પ્રો. જયંતિભાઈ એચ. શાહનું તા. ૧૬-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.
૬. અમદાવાદ નિવાસી પ્રાકૃત યોગેશભાઈ મહેતાનું તા. ૬-૧-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.
૭. અમદાવાદ નિવાસી ભીખુભાઈ પટેલનું તા. ૮-૧-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.
૮. અમદાવાદ નિવાસી શર્મિષ્ઠાબેન પરમાનંદભાઈ તલાટીનું તા. ૧૫-૧-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.
૯. અમદાવાદ નિવાસી ઊર્મિલાબેન દલાલનું તા. ૫-૨-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વે ગતાત્માને શાંતિ અર્પે તેવી હૃદયથી પ્રાર્થના.**

## 'હરિઃૐ ગુંજન'ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | સ્વ. શર્મિષ્ઠાબેન માતુશ્રીના દેહાવસાન નિમિત્તે શ્રી અજેશ પરમાનંદભાઈ તલાટી, અમદાવાદ | રૂ. ૫૧,૧૦૦/- |
| (૨) | સ્વ. પ્રો. જયંતિભાઈ એચ. શાહના દેહાવસાન નિમિત્તે પુત્ર શ્રી સમીરભાઈ જે. શાહ (અમદાવાદ) | રૂ. ૨૫,૧૦૦/- |
| (૩) | સ્વ. યોગેશભાઈ પી. આશરા, હ. લતાબેન વાય. આશરા (અમદાવાદ) | રૂ. ૨,૦૦૦/- |
| (૪) | મૃદુલાબેન એમ. મુખી, અમદાવાદ | રૂ. ૨,૦૦૦/- |
| (૫) | નરેશ એચ. જાની, ભાવનગર | રૂ. ૧,૧૧૧/- |
| (૬) | હીના કુકરેજી, ભાવનગર | રૂ. ૨૫૧/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોનો આશ્રમનું ટ્રસ્ટીગણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

આત્મકલ્યાણ અર્થે શ્રી નંદુભાઈએ સાધનાનો ભેખ ધારણ કરીને ગુરુમહારાજની કૃપાથી પોતાનો દૃઢ નિશ્ચય પૂરો કર્યો અને ગુરુમહારાજનો રાજીપો મેળવીને ધન્ય બન્યા.

સંસ્કાર સંપન્ન પરિવારમાં જન્મ અને ભણતર, અર્થ-ઉપાર્જન અર્થે પેરીસ ગયા અને સખત મહેનત, પ્રામાણિકતા, કુશાગ્ર બુદ્ધિ, વેપારી સૂઝબૂઝ અને ઉદ્યમી પ્રકૃતિને પ્રતાપે વેપારનો વિકાસ કર્યો. તેઓ હીરા, મોતી, ઝવેરાતના વેપારમાં સંકળાયેલ. પેરિસથી ભારત પરત આવ્યા અને તામિલનાડુના ત્રિચિમાં પોતાના મામા શ્રી ગોપાલદાસ સાથે પેઢીમાં જોડાઈને એક સફળ વેપારી તરીકે પોતાની આગવી શાખ ઊભી કરી તેમ જ પેઢીનો વિકાસ કુંભકોણમ્‌માં પણ કર્યો. લગ્ન બાદ આદરણીય શ્રી કાંતાબહેન સાથે હિંદુસ્તાનનો તેમ જ વિવિધ દેશોનો પ્રવાસ કરેલ. સર્વાંગી રીતે કુશળ વ્યક્તિત્વના સ્વામી, સૂટબૂટમાં સજ્જ, ભૌતિક સુવિધાઓ સાથે સુખસગવડોવાળું જીવન જીવનાર જ્યારે પરદેશની સમૃદ્ધ અને મોહમયી ભૂમિનો ત્યાગ કરી ગાંધીજી સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિમાં જોડાવા સ્વદેશમાં આવ્યા અને સાબરમતી આશ્રમમાં સ્થાયી થયા ત્યારે આપણે એવું સ્વીકારવું જ રહ્યું કે - આખરે તો મનુષ્યના જીવનમાં જગતનિયંતા પરમાત્માનું આયોજન જ સાકાર થાય છે. **પૂજ્ય મહાત્મા ગાંધીજી તેમના પ્રથમ ગુરુ.** પૂજ્ય શ્રીમોટાએ ગાંધીજીની હાકલથી દેશસેવામાં ઝંપલાવ્યું અને જીવનવિકાસ થકી પરમ પદની અનુભૂતિ પામ્યા. તે જ માર્ગે શ્રી નંદુભાઈ પણ ગાંધીજીનાં કાર્યોથી પ્રેરાઈને સ્વયં તેમની સાથે જોડાયા અને ત્યારથી જ પરમ પદની પ્રાપ્તિના માર્ગે જીવનનું વહેણ બદલાયું, તેની સંપૂર્ણ ગાથાનું વર્ણન આ ગ્રંથમાં છે. **પૂર્વેના નિમિત્તયોગે શ્રીઅરવિંદના પ્રબળ આકર્ષણથી જીવનવિકાસની ઝંખના જાગૃત થઈ.**

એ મધ્યમાં શ્રી હેમંતદાદાના નિમિત્તે **હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદમાં તેમને 'શ્રીમોટા' મળી ગયા અને જીવન ધન્ય થઈ ગયું.** આવું સુખમય જીવન જીવનાર માનવીનું શ્રેયસાધક અને ભક્તની ભૂમિકામાં પરિવર્તન થઈ જવું, સંપૂર્ણ સાદગીભર્યું, તિતિક્ષાપૂર્ણ જીવન જીવવું, એ કોઈ અલગારી જીવનું જ કામ છે. ગુણ અને ભાવવાળું ખોળિયું લઈને આવેલ કોઈ ઉચ્ચ કોટીનો જીવ જ આમ કરી શકે. **તેમણે જાગૃતિપૂર્વક પોતાનું અંતઃકરણ આત્માની ઉન્નતિ માટે અધ્યાત્મમાર્ગે વાળી લીધું.** હવે પછી તેઓની એકમાત્ર અભિલાષા ભાગવતી ચેતનાના અનુભવ કાજેની હતી. **પૂજ્યશ્રીના અનુગત બન્યા પછી તેઓ જીવનપર્યંત એક નિરાડંબર, મૂક સેવક બની રહ્યા.** તેઓશ્રીની સરળતા, નિખાલસતા, પવિત્રતા, નિર્મળતા અને નિર્ભયપણાનાં દર્શન, તેમનાં મૌનનિવેદનો તથા પત્રવહેવારમાં સ્પષ્ટ થાય છે. શ્રી નંદુભાઈનો નિશ્ચય તેમની જન્મજન્માંતરની સાધના, ઊર્ધ્વ ભૂમિકા અને મક્કમ મનોબળનો પરિચય કરાવે છે.

યુગ્મ જીવનમાં પતિપત્ની એકબીજાના પૂરક છે, એ માત્ર દુન્યવી હકીકત નથી, આધ્યાત્મિક ક્ષેત્રે પણ એટલું જ સત્ય છે. શ્રી કાંતાબા એનું જ્વલંત ઉદાહરણ છે. સમર્પણ અને ત્યાગની મૂર્તિ એટલે શ્રી કાંતાબા. પત્ની તરીકે શ્રી કાંતાબાએ પતિના નિર્ણયને આધીન જીવન સ્વીકાર્યું અને પતિવ્રતા ભારતીય નારી બની રહ્યાં. તેમનું જીવન એટલે ભારતીય નારી સંસ્કૃતિનું પારદર્શક પ્રતિબિંબ. નરસિંહ મહેતાએ ગાયું છે -

**'પતિવ્રતા નારીએ કંથને પૂછવું,**
**કંથ કહે તે તો ચિત્ત ધરવું.'**

પતિને સઘળી વાતે સહકાર આપ્યો અને પૂજ્ય શ્રીમોટામાં શ્રદ્ધા રાખીને જીવનના તમામ સંજોગો સ્વીકાર્યા. શ્રી નંદુભાઈને સાધનામાં ટેકો આપ્યો, તેમની સેવા કરી, સંપૂર્ણ સરળતા કરી આપી અને કૌટુંબિક જવાબદારીઓમાંથી પણ મુક્ત કર્યા. પોતે પણ અનેક વાર મૌનઅનુષ્ઠાનો કર્યાં. **શ્રીસદ્‌ગુરુનો સાચા હૃદયભાવથી સંગ થઈ જાય એટલે સ્વયં સાધનાની શરૂઆત થઈ જાય એનું જીવતુંજાગતું દૃષ્ટાંત છે શ્રી કાંતાબા.** શ્રી નંદુભાઈના વિકાસમાં કાંતાબાનો અનન્ય ફાળો રહ્યો છે, એ હકીકત છે. એ આત્માને કોટિ કોટિ વંદન.

*('જીવન સાર્થકતાની કેડીએ-ઉત્તરાર્ધ' પ્ર.આ., પૃ. 16 to 18)*

**સેવા કશી આપની ના કરી છે, કશુંય ના સાધન મેં કર્યું છે,**
**ના માંગવાનો અધિકાર તો છે માગ્યા જ તોયે કરવા ચહ્યું છે. ૬૩**

**મેં આપની કશી સેવા ના કરી છે, કશુંય સાધન ના કર્યું છે, [તેથી] [મને] માગવાનો અધિકાર તો ના છે, તોય [મેં].માગ્યા જ કરવા ચહ્યું [= ઇચ્છ્યું].છે.**

ભટ્ટ સાહેબ દ્વારા રચિત શ્રીમોટા ચરણેના આ શ્લોકની સમજૂતી આપણને ભટ્ટ સાહેબ દ્વારા જ લખાયેલ 'ગુરુની સેવા' નામના એક લેખમાંથી મળી રહે છે. શ્રી भगवत्च्छरणस्तोत्रम्ના અઢારમા શ્લોકને ટાંકતાં ભટ્ટ સાહેબ લખે છે : "મેં ગુરુજનોની એવી વિધિપૂર્વક સેવા કરી નથી જેથી તેમના અનુગ્રહથી મને જ્ઞાનની પ્રાપ્તિ થાય. મેં ગુરુજનોની સેવાને જ્ઞાનપ્રાપ્તિના સાધન તરીકે જાણી નથી. માટે હે દીનબંધુ ! હવે તમે મારું શરણ છો." આ શ્લોકમાં ગુરુજનની સેવાનું મહત્ત્વ દર્શાવ્યું છે. પુરાતન સમયથી ગુરુસેવાના આદર્શ પર ખૂબ ભાર મુકવામાં આવ્યો છે. ગુરુજનોની શુશ્રૂષાથી તેમનો અનુગ્રહ થતાં યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં જ્ઞાનપ્રાપ્તિના સાધન તરીકે ગુરુસેવાના વિધિનો નિર્દેશ અનેક સ્થળે કરવામાં આવ્યો છે. ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયના ૩૪મા શ્લોકમાં એમ કહેવાયું છે : "એ જ્ઞાનના તત્ત્વને જાણનારા જ્ઞાનીઓની સેવા કરીને અને નમ્રતાપૂર્વક વિવેકથી ફરી ફરી પ્રશ્નો કરીને જાણી લેજે. તેઓ તારી જિજ્ઞાસા તૃપ્ત કરશે." આ શ્લોકનું વિવરણ કરતાં 'જ્ઞાનેશ્વરી'માં સંત જ્ઞાનેશ્વર મહારાજ કહે છે : "તે શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાની મનમાં ઉત્કંઠા હોય તો સર્વભાવે સંતોની સેવા કરવી. સંતસેવા એ જ્ઞાનમંદિરનો ઉંબરો છે. ઉત્સુક્તાપૂર્વક તે તરફ વળ. તન-મન-જીવ-પ્રાણથી દાસ્યભાવે નમ્રતાપૂર્વક તેમની ચરણસેવા કરી પછી જિજ્ઞાસાનુસાર પ્રશ્ન પૂછવો. સંત તેનો ઉત્તર આપશે અને અંતઃકરણમાં તે બોધ ગ્રહણ થતાં મન સંકલ્પહીન બનશે."

ગુરુસેવાની શી ઉપલબ્ધિ હોય તેની વાત કરવા માટે આદિ શંકરાચાર્યના એક શિષ્યનો પ્રસંગ અત્રે રજૂ કરું છું : "શૃંગેરી ગામમાં આચાર્યશ્રી શંકરાચાર્યનો એક શાંત, વિનયી, અલ્પભાષી, સેવાભાવી ગિરિ નામનો નવો શિષ્ય થયો હતો. આ શિષ્ય નિત્ય વહેલો ઊઠી, સ્નાન કરી એ પોતાના સદ્‌ગુરુ આચાર્ય શ્રી શંકરને હાથ-પગ ધોવડાવતો, દાતણ આપતો, સ્નાનવેળા શરીર લૂછવાનાં તથા પહેરવાનાં વસ્ત્રો આપતો, આસન પાથરી દેતો; એમનાં ચરણોને ચતુરાઈથી ચાંપતો, પડછાયા પેઠે સદ્‌ગુરુની ઈચ્છાને અનુસરતો. આચાર્યશ્રી સામે કદી બગાસું ખાતો નહિ, તેમજ તેઓશ્રીની સામે કદી પણ પગ લાંબા કરીને કે અઢેલીને બેસતો પણ નહિ. શાસ્ત્ર-અધ્યયન પ્રત્યે તેનો વિશેષ પ્રેમ પણ જોવામાં આવતો ન હતો. એ તો ગુરુસેવામાં જ સર્વ સમાપ્ત થઈ ગયું એમ સમજતો હતો. આશ્રમમાં તો શિષ્યોનાં શાસ્ત્રચર્ચા, જ્ઞાનચર્ચા, મંત્રજાપ, ધ્યાન વગેરેનો એક પ્રબળ પ્રવાહ વહી રહ્યો હતો, તેમાં સર્વ શિષ્યો રમમાણ રહેતા હતા. ગુરુસેવામાં ગુંથાઈ રહેતા અને શાસ્ત્ર-અધ્યયન પ્રત્યે ઉદાસીન એવા ગિરિ પ્રત્યે અન્ય શિષ્યો તિરસ્કારની દૃષ્ટિએ જોતા હતા. આચાર્યશ્રી આનાથી અજાણ ન હતા.

એક દિવસ ગિરિ આચાર્યશ્રીનાં કપડાં ધોવા નદીએ ગયો હતો. અધ્યયનનો સમય થયો છતાં તે આવ્યો ન હતો. શિષ્યોને વેદાંત-અધ્યયન માટે તત્પર થયેલા જોઈ આચાર્ય શંકરે તેમને ગિરિના આવવાની રાહ જોવા કહ્યું. આ સાંભળી એક શિષ્ય પદ્મપાદે તિરસ્કારપૂર્વક કહ્યું : "એ મંદબુદ્ધિનો ગિરિ આ વેદાંત જેવા

સૂક્ષ્મ વિષયો શું સમજે ? એની રાહ શા માટે જોવી ?'' પદ્મપાદનો આ ગર્વ ઉતારવા અને ગુરુસેવા અને ગુરુભક્તિનો પ્રભાવ બતાવવા આચાર્ય શંકરે પોતાની શક્તિનો સંચાર ગિરિમાં કર્યો, આથી ગિરિને બ્રહ્મવિદ્યાની સહજમાં પ્રાપ્તિ થઈ, અજ્ઞાન આવરણ દૂર થયાં અને એ આનંદમાં બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતો જે સુંદર તૉટક છંદમાં ગુરુશક્તિથી એને સ્ફુર્યો તે બોલતો બોલતો કપડાં ધોઈને આવ્યો. આ જોઈને પદ્મપાદ તથા અન્ય શિષ્યોનું અભિમાન ઑગળી ગયું. ગિરિએ આત્મનિરૂપણ તૉટક છંદ દ્વારા કર્યું તે પરથી તેનું નામ તોટકાચાર્ય પડ્યું અને તેની પણ આચાર્ય શંકરના મુખ્ય શિષ્યોમાં ગણના થઈ.''

પ્રસ્તુત શ્લોકમાં ભટ્ટ સાહેબ ગુરુસેવા દ્વારા તેમની કૃપા મેળવી શક્યા નથી આથી આત્મજ્ઞાનના અધિકારી નથી એમ દર્શાવીને પરોક્ષ રીતે ગુરુના શરણાગત થવાની વાત કરે છે. ગુરુની સેવાના સંદર્ભમાં શ્રી રમણ મહર્ષિએ બહુ જ સુંદર વાત કરી છે. તેઓ કહે છે : ''તમે તમારા સ્વ-રૂપમાં - આત્મસ્વરૂપમાં રહો એ જ ગુરુની મોટામાં મોટી સેવા છે.'' અત્રે બીજી એક વાત પણ નોંધવા યોગ્ય છે. ગુરુ અથવા ઈશ્વરના સંપૂર્ણ, સાચા શરણાગત થવાય તો પછી કોઈ સાધનાની જરૂર રહેતી નથી. તુકારામ મહારાજ કહે છે : ''બધી જ ગતિની ગતિશીલતાને ભેગી કરી દો તો પણ સમર્પણ, શરણાગતિમાં જે ગતિ છે તે બધી જ ભેગી કરેલી ગતિશીલતામાં નથી.'' પૂજ્ય શ્રીમોટાએ આપણને સૌને ઉપલબ્ધિ માટે જે શીખ આપી છે, જે સાધના કરવા કહ્યું છે તેમાં જ રમમાણ રહેવું એ જ ગુરુશ્રીની મોટામાં મોટી સેવા છે એમ ભટ્ટ સાહેબની આ કડીમાં ગર્ભિત રીતે દર્શાવાયું છે.

●

**છો આપ ચિંતામણિ, કલ્પવૃક્ષ, યાચું હું તેથી રહીને સમક્ષ,**
**''સંકલ્પ મારા શિવ સર્વદા હો, અભદ્ર ને દૂષિત ના કદી હો.'' ૬૪**

**આપ ચિંતામણિ, કલ્પવૃક્ષ છો, તેથી હું [આપની].સમક્ષ રહીને યાચું [છું]: મારા સંકલ્પ સર્વદા [= હંમેશાં] શિવ હો કદી[ય] અભદ્ર ને દૂષિત ન હો.**

**માંગલ્યકારી સ્મૃતિ આપની જે શી પ્રેમગંગા હૃદયે વહાવે !**
**વધેઘટે ભાવ પરંતુ મારો, સ્થાયી રહે પ્રેમ સદા તમારો. ૬૫**

**આપની જે માંગલ્યકારી સ્મૃતિ [છે] [તે મારા] હૃદયે શી પ્રેમગંગા વહાવે [છે!].પરંતુ મારો ભાવ [તો] વધે-ઘટે [છે], [પણ] તમારો પ્રેમ [તો] સદા સ્થાયી રહે [છે.]**

**જો ભાવથી હાથ તમે ગ્રહો છો તો તે કદીયે પણ ના તજો છો**
**એવો ભરોંસો હૃદયે રહે છે આશાભર્યું જીવન એ કરે છે. ૬૬**

**જો તમે ભાવથી હાથ ગ્રહો છો તો તે કદીય પણ ના તજો છો એવો [જે] ભરોંસો [મારા] હૃદયે રહે છે એ [મારું] જીવન આશાભર્યું કરે છે.**

ભટ્ટ સાહેબ ૬૪મા શ્લોકમાં ગુરુવર્ય શ્રીમોટાને ચિંતામણિ અને કલ્પવૃક્ષ સાથે સરખાવીને એવી પ્રાર્થના કરે છે કે એમનાં સર્વ સંકલ્પો કલ્યાણમય હોય, અભદ્ર અને દૂષિત ન હોય. પ્રત્યેક જીવ માટે આવી પ્રાર્થના એટલા માટે કરવાની છે કે પ્રત્યેક જીવમાં અનેક જન્મોના તથા આ જન્મના અનેક સારા-ખોટાં સંસ્કારો પોતાની અંદર છુપાયેલા પડેલા હોય છે ['મોટાચરણે'ના ૨૨મા શ્લોકમાં આ વિશે આપણે વાત કરી ચૂક્યા છીએ]. અને આથી જ વ્યક્તિ પોતે પોતાની જાત સામે આવતાં ડરે છે, અને ભગવાનના માર્ગમાં તમને આગળ વધતાં જે અટકાવતું હોય તેને તમારી જાતથી કાળજીપૂર્વક છુપાવતા હો છો.

આ સંદર્ભમાં શ્રી ડિવાઈન મધરે બહુજ સુંદર વાત કરી છે. તેઓ કહે છે.: ''તમે તમારા અસલ ચહેરા સામે સીધે સીધા જ જાઓ, સીધું જ જુઓ. કડવી ગોળી પર ખાંડનું પડ ચડાવવાનો પ્રયત્ન ન કરો. એ સખત કડવી છે, વ્યક્તિની અંદર રહેલી બધી નબળાઈઓ, ભૂંડાપણું, બધા પ્રકારની નાની નાની વસ્તુઓ - અરે, એવી ઢગલાબંધ વસ્તુઓ હોય છે, ઢગલાબંધ... તમને ગૂંગળામણ થાય છે. તમે આગળ વધી શકતાં નથી. મારી અંદર એ કોણ છે ? એ કોણ એટલું નાનું, એટલું અધમ અને હઠીલું છે કે જે ફળમાંના કીડાની માફક છુપાઈને રહ્યું છે, જેથી કરીને હું તેને જોઈ ન શકું ? જો તમારામાં નિષ્ઠા હશે તો તમે એને શોધી શકશો.'' આ બધી નબળાઈઓમાંથી બહાર આવવા માટે વ્યક્તિએ પોતાના ઇષ્ટદેવ કે ગુરુ પ્રત્યે પોકાર કરવાનો રહે છે. શ્રીમોટા કહે છે : ''જીવ પોતાની અશક્તિનું નિવેદન ગુરુ સમક્ષ કર્યા કરતો હોય તો ક્રમશઃ તેનાં સ્ખલન ઓછાં થતાં જશે.''

૬૫મા શ્લોકમાં શિષ્ય ગુરુદેવની સ્મૃતિને માંગલ્યકારી ગણાવે છે તથા તેમના સ્મરણ માત્રથી ગુરુ પ્રત્યે પ્રેમરૂપી ગંગા વહેવા લાગે છે. અલબત્ત, શિષ્યના હૃદયમાં ગુરુદેવ પ્રત્યેના પ્રેમભાવમાં વધ-ઘટ થયા કરે છે, પરંતુ ગુરુનો પ્રેમ શાશ્વત હોય છે. મજાની વાત તો એ છે કે ક્યારેક શિષ્યનો પ્રેમ માગણીઓથી ભરપૂર અને અપેક્ષાઓથી સભર હોય છે. જ્યારે ગુરુદેવનો શિષ્ય પ્રત્યે નિર્વ્યાજ પ્રેમ અવિરત વરસ્યા જ કરે છે. અહીં બીજી પણ એક વાત નોંધવા જેવી છે. ગુરુને સ્થળ-કાળનું બંધન ન હોવાથી શિષ્યને જ્યારે પણ ગુરુની મદદની જરૂર પડે અને જો હૃદયપૂર્વક ગુરુનો પોકાર કરે તો સીધી કે આડકતરી રીતે શિષ્યને ગુરુની મદદ મળી રહે છે. 'પૂકારો તો જાણોને !'

૬૬મા શ્લોકમાં જિજ્ઞાસુને એવી શ્રદ્ધા છે કે જો એકવાર ગુરુદેવ તેનો હાથ ઝાલે તો તેઓ તેને કદી ત્યજી દેતા નથી. એકવાર એક શિષ્યે શ્રી રમણ મહર્ષિને પૂછ્યું : ''શિષ્ય નરકમાં જાય તો પણ તેને ગુરુ મદદ કરે છે ?'' ત્યારે શ્રી રમણ મહર્ષિએ તેની શ્રદ્ધા પુષ્ટ થાય એ રીતે તેને કહ્યું : ''તેની પાછળ ગુરુ પણ નરકમાં જશે અને તેને છોડાવી લઈ આવશે.'' માઈસ્ટર એકહાર્ટે પૂર્ણતા પ્રાપ્ત કરેલા એક ભિખારીનો પ્રસંગ નોંધ્યો છે, જેમાં એક પંડિત અને બીજા ચીંથરેહાલ ભિખારી વચ્ચે વાર્તાલાપ થાય છે. પંડિત પ્રશ્નો પૂછે છે અને ભિખારી તેના જવાબ આપે છે. એક પ્રશ્નમાં પંડિત ભિખારીને કહે છે : ''ધારો કે પ્રભુ તમને નરકમાં નાંખે તો ?'' જવાબમાં પ્રભુભક્ત, પ્રભુ-આશ્રિત તે ભિખારી બોલ્યો : ''મને નરકમાં નાંખે ? એ તેમનો સ્વભાવ નથી, છતાંય ધારો કે એમ બને તો હું બન્ને હાથે તેમને ભેટી પડું. મારો એક હાથ એમની નીચે રાખું - તે થઈ નમ્રતા, નમનીયતા, બીજો હાથ તેમને વીંટાળું - એ છે પ્રેમ, ભગવદ્પ્રેમ, એમના વગરનું સ્વર્ગ પણ મને ન ખપે. એ હોય ત્યાં નરક પણ મુબારક.''

શ્રીમોટા કહે છે : ''સંતપુરુષ ક્યારેય શિષ્યને ત્યજી દેતો નથી, કે તેના દુર્વ્યવહાર માટે તેને શિક્ષા કરતો નથી. જ્યારે આવી ખાતરી શિષ્યને ગુરુ તરફથી મળે છે ત્યારે શિષ્યનું જીવન પણ આશાભર્યું બની રહે છે.'' શ્રી શ્રીમા આનંદમયી કહે છે : ''જ્યાં સુધી શિષ્યનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી ગુરુ તેને ત્યજી દેતા નથી.'' શ્રીમાને પ્રશ્ન પુછાયો : ''શું એ સાચું છે કે બધા જ શિષ્યો મુક્ત નથી થતા ત્યાં સુધી ગુરુ પણ મુક્ત થતા નથી, જેવી રીતે ભરવાડ બધી જ ગાયોને એક પછી એક નદી પાર કરાવ્યા પછી પોતે નદી પાર કરે છે.'' જવાબમાં શ્રીમાએ કહ્યું હતું : ''હા, એ સાચું છે, પરંતુ મુક્તપુરુષોને એ લાગુ પડતું નથી, કારણ કે મુક્તપુરુષો સાધકની યોગ્યતા અનુસાર સાધકને દોરવણી આપે છે. આ દોરવણી જ સાધકને તેના લક્ષ્યસ્થાને પહોંચાડી દે છે.''

*(ક્રમશઃ)*

# 'હરિઃૐ આશ્રમ' જીર્ણોદ્ધાર માટે સ્વજનોના સહયોગ બદલ જાહેર આભાર

પૂજ્ય શ્રીમોટાના આશ્રમનો જીર્ણોદ્ધાર કરવા માટેની ટહેલ આશ્રમના ટ્રસ્ટીગણ મારફતે ગુરુપૂર્ણિમાના ઉત્સવ ૨૦૧૮-૧૯ વખતે પ્લાન-ડિઝાઈન સહિત કરવામાં આવેલ તેને પૂજ્ય શ્રીમોટાના અનુરાગી સ્વજનો તરફથી ઉમળકાભેર પ્રતિસાદ સાંપડ્યો હતો અને ગુરુપૂર્ણિમાના દિવસે જ અંદાજે **રૂા. આઠ લાખ** જેવી રકમ લખાવવામાં આવી હતી. જે તમામના નામ અત્રે દર્શાવી શકાય તેમ નથી પરંતુ આશ્રમનું ટ્રસ્ટીગણ તે સર્વેનો કૃતજ્ઞતાપૂર્વક હૃદયથી આભાર વ્યક્ત કરે છે અને સર્વે અનુરાગી સ્વજનોનું પૂજ્ય શ્રીમોટા યશકલ્યાણ કરો તેવી હાર્દિક પ્રાર્થના.

ગુરુપૂર્ણિમાના ત્યારબાદના તરત જ ના રવિવારે શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ (યુ.એસ.એ.) આશ્રમમાં દર્શનાર્થે પધારેલ અને તેઓએ આશ્રમનું નોટીસ બોર્ડ જોઈને ટ્રસ્ટીશ્રીઓને આશ્રમના જીર્ણોદ્ધારનો સદરહુ પ્લાન પ્રમાણે તેઓ દ્વારા પરિપૂર્ણ કરવા જણાવેલ. તદ્અનુસાર તેઓશ્રી દ્વારા સમગ્ર કામગીરી માટે કમિટી બનાવેલ જેમાં નડિયાદ તેમજ સુરત આશ્રમનું ટ્રસ્ટીગણ તેમજ હરિવાણી ટ્રસ્ટના શ્રી પ્રભુભાઈ ડી. જાની અને શ્રીયુત પરમાનંદભાઈ તલાટીનો સમાવેશ કરેલ. તમામના સાથ અને સહકારથી આશ્રમના જીર્ણોદ્ધારની કામગીરી સુચારુરૂપે પૂર્ણ કરવામાં આવેલ.

શ્રી એન. સી. પટેલ, વિદ્યાનગર (હાલ યુએસએ) દ્વારા હરિઃૐ આશ્રમના મૌનરૂમ નં. ૧, ૨, ૧૦ અને મણીકાકા રહેતા હતા તે આખો બ્લોક પહેલા માળ સુધી સંપૂર્ણ જીર્ણોદ્ધાર અંગત કાળજી લઈને **રૂા. ચુમ્માળીસ લાખ** ખર્ચીને પૂર્ણ કરાવેલ. તેઓ દ્વારા કરવામાં આવેલ પૂજ્ય શ્રીમોટાની ભક્તિને આશ્રમનું ટ્રસ્ટીગણ હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે અને પૂજ્ય શ્રીમોટા સર્વેનું યશકલ્યાણ કરો તેવી હૃદયસ્થ પ્રાર્થના.

પૂજ્ય શ્રીમોટાના અનુરાગી સ્વજનો મારફતે જીર્ણોદ્ધારનું જે ભંડોળ પ્રાપ્ત થયેલ તેનો ઉપયોગ મણીકાકાના બ્લોકના ઉપલા માળ તેમજ આશ્રમના બાકી રહેલ રૂમો ૩, ૪, ૫ અને ૬ તેમજ આશ્રમના તે રૂમો તરફ જતો વોક-વે (પગથી) બનાવવા માટે દક્ષિણામૂર્તિ ટાઈલ્સવાળા અખાણી પરિવાર તરફથી તમામ બાથરૂમો તેમજ પગથીના (વોક-વે) ટાઈલ્સ તથા ઈન્દુબેન જયંતિલાલ મારબલવાળા પરિવાર તરફથી કોટાસ્ટોન પૂજ્ય શ્રીમોટા તરફના અનુરાગને લઈને પૂરા પાડેલ છે. આશ્રમનું ટ્રસ્ટીગણ ઉપરોક્ત સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. પૂજ્ય શ્રીમોટા સર્વે અનુરાગી સ્વજનોનું યશકલ્યાણ કરો તેવી હૃદયપૂર્વકની અનુકંપા સાથે પ્રાર્થના. ઉપરોક્ત કામનો ખર્ચ અંદાજે **રૂા. બાવીસ લાખ** જેટલો કરવામાં આવેલ છે.

આશ્રમના તેમજ સોમકાકાના ખેતરના કૂવામાંથી (બોરવેલ) આવતું પાણી હાર્ડવોટર એટલે કે અંદાજે ૨૦૦૦ ટીડીએસ જેટલું છે. જે આશ્રમના પીવા સિવાયના અન્ય ઉપયોગ માટે વાપરવામાં આવતું હતું જેના નિવારણ માટે ડીસેલીનેશન (પાણીને સોફ્ટ કરવા માટે)ની સિસ્ટમ મુકાવી જરૂરી હોઈને અંદાજે રૂા. અઢી લાખના ખર્ચ સામે **રૂા. બે લાખ સિત્તેર હજાર** જેટલું ભંડોળ ટૂંકાગાળામાં ઊભું થઈ ગયેલ જેના અનુસંધાને અમદાવાદ સ્થિત આલ્દી કાં. કે જેનું કામ મોટા પ્રમાણમાં કોર્પોરેશનના વોટર ડિપાર્ટમેન્ટમાં તેમજ અન્ય જગ્યાએ ગુણવત્તાયુક્ત કરે છે. તેઓનો સંપર્ક આશ્રમના તત્કાલીન મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. શ્રી સી. ડી. શાહના ભાણેજ શ્રી રોશનભાઈ શાહે કરાવેલ અને અંગત કાળજી લઈને ખૂબ જ ઉપયોગી સલાહસૂચનો સહિત કંપની સાથે વાટાઘાટો તેમજ પોતાના સંબંધોને કારણે અંદાજે ફક્ત **રૂા. દોઢ લાખ** જેટલા ખર્ચે થશે. જેનાથી આશ્રમમાં હાલમાં જે મૌનમંદિરમાં તેમજ અન્ય ઉપયોગ માટે વપરાતા પાણીની ગુણવત્તા સુધરશે અને જેનાથી આશ્રમમાં ઉદ્ભવતી પાણીની તકલીફોનું નિવારણ થશે. જેના માટે આશ્રમનું ટ્રસ્ટીગણ સદરહુ કામગીરી માટે ઉત્સાહપૂર્વક સાથ આપનાર સર્વે પૂજ્ય શ્રીમોટાના અનુરાગી સ્વજનો તેમજ આલ્દી કાં.નો તેમજ શ્રી રોશનભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર માને છે. પૂજ્ય શ્રીમોટા સર્વેનું યશકલ્યાણ કરો તેવી વિનમ્રભાવે હૃદયથી પ્રાર્થના.

*— હરિઃૐ આશ્રમ, ટ્રસ્ટીગણ*



# અક્ષયજન્મના શુભ દિને

(શાર્દુલવિક્રીડિત)

આજે અક્ષય નોમની શુભ ઘડી ચૈતન્યના જન્મની,
જેના મંગલ જન્મથી પ્રગટતી પ્રેમૈક્યની જ્યોત શી !
એવી પ્રેમલ જ્યોતની અમ હૃદે જ્યોતિ જલાવો પ્રભુ !
તારા અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૧

જન્મ્યા જે દિન રામ આ જગ પરે તે ધન્ય દિને ગુરો !
તારા અક્ષયજન્મનું પ્રભુ તને સૌભાગ્ય બક્ષી રહ્યો.
આજે ઉત્સવનોય ઉત્સવ અહો શો દેવ લોકે થતો,
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૨

તારી ઉરનિકુંજ રામ રમતા માંગલ્ય મૂર્તિ રૂપે,
સાક્ષાત્કાર થતો તને હરપળે રહે રામ જ્યોતિ હૃદે.
તારો ચેતન જન્મ આ જગ પરે કલ્યાણ રેલી રહ્યો.
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૩

જે આદર્શ હતો શ્રીરામ યુગમાં પ્રેમૈક્યને પામવા,
તે આદર્શ ગુરો તમે શીખવતા કલ્યાણને સાધવા !
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ હરીને ભક્તિ સુધા સીંચજો
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૪

જન્મોજન્મ તણાં તિમિર હરીને કલ્યાણને અર્પવા,
આવ્યા પ્રેમરૂપે તમે જગતમાં અમૃત વર્ષાવવા,
મીઠા પ્રેમ પ્રવાહથી જીવનનાં અજ્ઞાન ટાળો ગુરો !
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૫

તારા જન્મ થકી અમે જનમિયાં વિશ્વાસનાં વિશ્વમાં,
તારા ચેતનદીપથી અમ પથે પામી રહ્યાં પ્રેરણા,
માયા, મોહ, વિદારવા, અમ ઉરે શક્તિ કૃપા સીંચજો,
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૬

વેરાને વનકંટકો મહીં પ્રભો આ છોડ ઊગ્યો હતો !
તારી પ્રેમ નિકુંજમાં જીવનનો ઉત્કર્ષ સાધી રહ્યો,
આત્માના અમી સીંચને જીવન આ કલ્યાણકારી બનો,
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૭

પુષ્પો પ્રેમલ ભાવનાં ગ્રહી હૃદે આનંદથી અર્પવા,
ગૂંથી છે શુભ માળ ભાવ તણી આ અર્પી નમું પાયમાં,
'યાવત્ ચંદ્ર દિવા કરૌ ઝળહળો જ્યોતિ તમારી ગુરો !'
શ્રીસીતાપતિ રામનાં ચરણમાં એ પ્રાર્થના છે પ્રભો ! ૮

— પુષ્પાબેન દલાલ

(લાંબા સમયથી પૂજ્યશ્રીના નિકટનાં સંબંધમાં આવનાર
અમદાવાદના ભક્ત હૃદયનાં સન્નારી)

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**

# પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કાર દિને
## (રામનવમી મંગલાષ્ટક)
### (શાર્દુલવિક્રીડિત)

આજે મંગલ નોમની સુભગ શી, ઊગી પ્રભા પાવની !
સાક્ષાત્કાર થયો અનંત પ્રભુનો, ચૈતન્યધારા વહીં.
આજે હો ગુરુવર્યને હૃદયની પાદામ્બુજે અર્ચના,
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુ ચેતના. ૧

પામ્યા જે સ્થિતપ્રજ્ઞની વિરલ શી, શાંતિ હદે શાશ્વતી;
આજે ગાઉં પ્રશસ્તિ હું હૃદયથી આ કર્મયોગી તણી,
નિર્મોહી, નહિ રાગદ્વેષ હૃદયે જેને કદી સ્પર્શતા,
ના ભોગી; નહિ કામ, ક્રોધ, મદ ને ના ઊઠતી કામના. ૨

જેના અંતરમાં અખૂટ સમતા ના છે કશીયે સ્પૃહા,
આનંદી સુખ દુઃખ દ્વંદ્વ પર જે, નિત્યે રમે ભાવમાં,
યોગી એ જલપદ્મ શા જીવનમાં, નિર્લેપ નિત્યે શુચિ,
આત્માનંદ મહીં સદા વિહરતા, મુક્તિ સદેહે લહી. ૩

આસક્તિ નહિ લેશ માત્ર જીવને, જેને કદી બાંધતી,
દિવ્યાનંદ મહીં સદાય રત જે એવી સમાધિસ્થિતિ,
નિષ્કામી પ્રભુયંત્ર નિત્ય બનતાં કર્મો જગે આચરે,
ચેતાવી પ્રભુપ્રેમ યજ્ઞ જીવને કલ્યાણ સૌનું કરે. ૪

રોમેરોમ પ્રફુલ્લતા પ્રગટતી જેને પ્રભુમસ્તીની !
અંગેઅંગ ઝરે જીવનનું ચૈતન્ય જેના મહીં;
એવા જીવનમુક્તને હૃદયની પાદામ્બુજે અર્ચના !
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુચેતના. ૫

જેની મંગલ છત્રછાંય જીવને શાંતિપ્રદા મોક્ષદા !
જેની પાવન ગોદ તો ભવરણે શક્તિપ્રદા પ્રાણદા;
એવા હે ગુરુદેવ ! આજ તુજને પાદામ્બુજે વંદના;
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુચેતના. ૬

આજે ધન્ય ઘડી પ્રભુ મિલનની આ જન્મ સાફલ્યની,
તારા મંગલ પર્વની હૃદયમાં હો પાવની સંસ્મૃતિ.
આજે કો ગુરુવર્યને હૃદયની પાદામ્બુજે અર્ચના.
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુચેતના. ૭

અર્પું મંગલ પ્રાર્થના તવ પદે, તારી કૃપાથી રચી;
તારા ચેતનદાનથી જીવનની ભાવાંજલિ અર્પવી;
વાવ્યાં ચેતન-બીજ તેં જીવનમાં ફાલીફૂલીને ફળો;
તારી દિવ્ય કૃપા વડે જીવન આ હો ધન્ય ને પૂર્ણ હો.

— સરોજબેન કાંટાવાળા



**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL